સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

HAPPY Dhanteras
FESTIVAL OF PROSPERITY

વર્ષ : ૪૭ અંક : ૨૭૯ જૂનાગઢ તા.૧૦-૧૧-૨૦૨૩ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 279, Junagadh : Date : 10 November, 2023, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

### દિલ્હી પ્રદુષણ મામલે સુપ્રિમ કોર્ટમાં સુનાવણી

## પ્રદુષણ રોકવા માટે શું કાર્યવાહી કરવામાં આવી ? સુપ્રિમ કોર્ટ આકરા પાણીએ



નવી દિલ્હી તા. ૧૦

નવી દિલ્હીમાં અત્યંત ભયજનક સ્તરે પહોંચી ગયેલા પ્રદુષણ મામલે આજે સુપ્રિમ કોર્ટે તાકિદે સુનાવણી હાથ ધરી હતી જેમાં સુપ્રિમ કોર્ટે એવું પુછયું કે, પ્રદુષણ રોકવા માટે અત્યાર સુધી શું કાર્યવાહી કરવામાં આવી છે તેમજ દર વર્ષે દિલ્હીમાં આ સમયે આવી સ્થિતિ સર્જાય છે અમારે પરીણામ જોઈએ છે, વિશેષજ્ઞોની સમિતિની જરૂર નથી. તેવો વેધક સવાલ પુછયો હતો જેના જવાબમાં દિલ્હી સરકારે કહયું કે, દિલ્હીમાં સાર્વજનિક પરિવહનનાં ઉપયોગમાં વધારો થયો છે તેમજ સરકારે ઓડ ઈવન ફોર્મ્યુલાને પણ યોગ્ય ઠરાવી હતી. દિલ્હી સરકારે સોગંદનામા દ્વારા પોતાનો જવાબ રજુ કર્યો હતો. દિલ્હીમાં ઈંધણની ખપતમાં ઘટાડો થયો હોવાનું પણ સરકારે જણાવ્યું હતું.

## મોટાભાગનાં રાજયોની નાણાંકીય સ્થિતિ નાજુક



નવી દિલ્હી,તા. ૧૦ :

દેશના મોટાભાગના રાજયોની આર્થિક સ્થિતિ મજબૂત નથી. દેશનાં ૧૧ રાજયો છેલ્લા ૮ વર્ષથી સતત મહેસૂલી ખાધનો સામનો કરી રહ્યા છે. જેનો અર્થ એ છે કે તેઓ પગાર, પેન્શન અને વ્યાજ ચૂકવવા જેવી બાબતો માટે પણ પૂરતી આવક એકત્રિત કરી શકતા નથી. આવી સ્થિતિમાં, ચૂંટણીની મોસમમાં બનાવવામાં આવેલી લોકપ્રિય યોજનાઓ રાજયોની નાણાકીય કટોકટી વધુ ખરાબ કરી શકે છે.

રાજયોની નાણાકીય સ્થિતિ જાણવા માટે પાંચ રાજયો મધ્યપ્રદેશ, રાજસ્થાન, પંજાબ, પમિ બંગાળ અને તમિલનાડુના બજેટનો સ્ટોક લીધો. જેમાં મધ્યપ્રદેશ સિવાય ચારેય રાજયો મહેસૂલી ખાધમાં હતા. આ ચાર રાજયોના ગ્રોસ ડોમેસ્ટીક પ્રોડક્ટની સરખામણીમાં આવક રાષ્ટ્રીય સરેરાશ કરતા ઓછી હતી. મહેસૂલ ખાધનો અર્થ એ છે કે રાજયની મહેસૂલી કમાણી તેના ખર્ચાઓ જેમ કે પગાર, પેન્શન, સબસિડી અને વ્યાજની ચૂકવણી માટે પૂરતી નથી.

### સમાચાર રાઉન્ડ અપ

- યુપીનાં ઈટાવામાં ડોકટર બન્યો શૈતાન : ૬૦૦ દર્દીઓને ડુપ્લીકેટ પેસમેકર લગાવ્યા : ૨૦૦ દર્દીઓનાં મોતથી ખળભળાટ - શૈતાન ડોકટર સમીર શરાફની ધરપકડ
- ૪ ડિસેમ્બરથી સંસદનું શિયાળુ સત્ર
- ભારતનાં વધુ એક દુશ્મનનો પાકિસ્તાનમાં ઢાળિયો
- ઈઝરાયલ ઢીલુ પડયું : ગાઝા પર કબ્જો નહી કરે
- દહેરાદૂનમાં ધનતેરસનાં દિવસે રીલાયન્સ જવેલરી શો-રૂમમાં ગન પોઈન્ટ પર રૂા.૨૦ કરોડનાં દાગીનાની લુંટથી સનસનાટી
- અમેરીકાએ ચિકનગુનીયાની રસીને મંજુરી આપી
- હૃદય ઉપર કોવિડની અસર થાય જ છે - કોવિડ બાદ હૃદયનાં બ્લોકેજમાં ૯૦ ટકાનો વધારો નોંધાયો

પવિત્ર અગીયારમી મહિના નિમિતે
નાન ખટાઈ/બિસ્કીટ
વ્યાજબી ભાવે મળશે
નારાયણ બેકરી
સુખનાથ ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩





ખોડલધામ ટુર
તા. ૧૫-૦૩-૨૦૨૪ થી ટુર ઉપડશે
સ્લીપર બસ દ્વારા
દિવસ-૪૦
જેમાં મથુરા, હરીદ્વાર, નેપાળ સાથે બાર જયોતિર્લિંગ યાત્રાધામ રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રીનાથ, દ્વારકા, ગંગાસાગર, તિરૂપતિ, કન્યાકુમારી, કેરલા તમામ સુવિધા સાથે
એક વખત ખોડલધામની યાત્રામાં સહકુટુંબ સાથે પ્રવાસ કરશો તો તમારી આ યાત્રા યાદગાર રહેશે - એક વખત ચારધામની યાત્રા કરી જીવન સાર્થક બનાવો
વહેલા તે પહેલાનાં ધોરણે
: બુકીંગ સંપર્ક :
મથુરભાઈ વાગડીયા
મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭ - જૂનાગઢ


હોટેલ ગ્રીનલેન્ડ
જૂનાગઢનાં પ્રવેશ દ્વારે આતિથ્યનું તોરણ
HOTEL GREENLAND
ઠાકરથાળ
મોર્ડન એમેનીટીઝ સાથેનાં લકઝરીયસ પર એ.સી. રૂમ
સુવિધાઓ
● સોવેનીર શોપ
● બેન્કવેટ હોલ
● કોન્ફરન્સીંગ ફેસીલીટીઝ
● પાર્ટી લોન
ઠાકર થાળ
મલ્ટી કુઝીન રેસ્ટોરન્ટ એક ખાનદાની પરંપરા
સ્વાદિષ્ટ ગુજરાતી થાળી
● ગુજરાતી ● પંજાબી ● ચાઈનીઝ
● સાઉથ ઈન્ડીયન ● કાઠીયાવાડી
જૂનાગઢ - રાજકોટ હાઈવે, ભેસાણ ચોકડી, જૂનાગઢ
૦૨૮૫ - ૨૬૬૧૬૮૩ મો. ૭૪૯૦૦ ૩૮૪૦૪
thegreenlandhotel.com
info@thegreenlandhotel.com

મહાયોગી
વિરેચન ચૂર્ણ
દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુ:ખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી
પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે
માર્કેટેડ બાય : સાગર માર્કેટીંગ
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફલોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ
ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦
૯૪૨૯૭ ૭૫૦૭૫



તહેવારોના શુભ દિવસો હોય... કે સગાઈ-લગ્ન પ્રસંગ હોય...
સોનાના સરસ મજાના હોલમાર્કવાળા દાગીનાની ખરીદી તો
જયભવાની જવેલર્સ માંથી જ...
Bureau of Indian Standards
ભારત સરકાર માન્ય ૧૦૦% બીઆઈએસ ૯૧૬ હોલમાર્કવાળા
એકસકલુઝીવ દાગીના ખરીદવા માટે જૂનાગઢનો
વિશ્વાસ પાત્ર A/c શો-રૂમ
શુધ્ધ સોના ચાંદીના ૧ ગ્રામથી લઈ ૧૦૦ ગ્રામ સુધીની
લગડી સિક્કા મુર્તી તેમજ વાસણો મળશે.
જયાં વિશ્વાસની પરંપરા હંમેશા Since 1945
અમારા શો-રૂમની એક જ મૂલાકાતે આપ અમારા કાયમી ગ્રાહક બની જશો...
જયભવાની જવેલર્સ
ચોકસી હીરાલાલ મકનજી












અભયભાઈ
મો. ૯૮૨૫૦ ૭૨૫૧૭
કિષ્નભાઈ
મો. ૭૫૬૭૧ ૩૬૬૪૬
ચોકસી બજાર, જૂનાગઢ
ફોન : ૦૨૮૫-૨૬૨૩૯૩૨

ગુજરાત માં પ્રથમ વખત કેમીકલ ફ્રી ફુડ ફેન્ચાઈઝી ચેન એટલે
Mo. 99099 19962
PANDEYJI
PARCEL POINT
CHEMICAL FREE FOOD
● પંજાબી ● ચાઇનીઝ ● પાંઉભાજી ● ગુજરાતી ●
મેઈન બ્રાંચ : જૂનાગઢ
૨૧+ ફેન્ચાઈઝી
શોપ નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, આસ્થા કોમ્પ્લેક્ષ, વણઝારી ચોક, જૂનાગઢ.


"2023 ભારત સરકાર દ્વારા નવા નિયમ મુજબ"
CNG સિલિન્ડરનું રીટેસ્ટીંગ માટે પ્લાન્ટ પર ફરજીયાત આવવું પડશે કેમ કે ?..
એ. એસ. ઓટો ગેસ
(સરકાર માન્ય (PESO) ટેસ્ટીંગ પ્લાન્ટ)
ખામધ્રોળ ચોકડી, ટોરેન્ટ CNG પંપની બાજુમાં, જુનાગઢ
(૧) ટેસ્ટીંગ પ્લાન્ટ ઉપર ગાડી નંબર પ્લેટ ફોટો સ્ટાફ સાથે પડશે
(૨) સિલિન્ડરનો ફોટો સ્ટાફ સાથે પડશે ઉપરોકત બન્ને ફોટા આપના સર્ટીફીકેટમાં આવશે.
જેમ "P.U.C." માટે સ્ટેશન ઉપર જવુ પડે તેમ ટેસ્ટીંગ માટે પ્લાન્ટ પર આવવું ફરજીયાત છે.
ટેસ્ટીંગ માટે પ્લાન્ટ પર આવો સમય - રૂપિયાની બચત કરો
A. S. AUTO GAS
96383 23542 / 98984 48644



દિવાળીની હાર્દિક શુભેચ્છાઓ
HOTEL MARUTI
hotelmaruti.jnd@gmail.com
● રેલ્વે સ્ટેશન અને બસ સ્ટેશન થી તદ્દન નજીક
● એ.સી. અને નોન એ.સી. રૂમ
● વ્યાજબી દરે સારી સુવિધા.
● પીકઅપ વાહનની સુવિધા કરી આપવામાં આવશે.
હીરા પન્ના કોમ્પ્લેક્ષ સામે, બસ સ્ટેશન રોડ, જૂનાગઢ.
ફોન : ૦૨૮૫ ૨૬૩૨૧૮૨, મો. ૯૮૯૮૦ ૯૫૦૦૭

દિપાવલીનાં તહેવાર નિમિતે ફરસાણનાં ભાવમાં જંગી ઘટાડો

| | | | | | |
|---|---|---|---|---|---|
| પૌવાનો ચેવડો | ૧ કિલો રૂા. ૧૬૦/- | ડ્રાયફ્રુટ ઘુઘરા | ૧ કિલો રૂા. ૨૮૦/- | તીખા ગાંઠીયા | ૧ કિલો રૂા. ૧૮૦/- |
| સુરતી ભુસું | ૧ કિલો રૂા. ૧૬૦ | ફરસાણ | ૧ કિલો રૂા. ૧૬૦/- | ખાજલી | ૧ કિલો રૂા. ૧૮૦/- |
| ડ્રાયફ્રુટ ધારી | ૧ કિલો રૂા. ૨૮૦/- | ફાફડી ગાંઠીયા | ૧ કિલો રૂા. ૧૮૦/- | મસાલા ખાજલી | ૧ કિલો રૂા. ૨૦૦/- |



સ્પે. ઘઉનાં પૌવાનો ચેવડો ૧ કિલો રૂા. ૧૬૦/-
સ્પે. પંચરત્ન ચેવડો ૧ કિલો રૂા. ૧૮૦/-
દરરોજ તાજે તાજુ ફરસાણ અમારે ત્યાંથી મળશે
(ઠા. મનસુખભાઈ લુશાળા વાળા)
દિપક એમ. રૂપારેલીયા
જલારામ ફરસાણ એન્ડ ડેરી ફાર્મ
એમ.જી. રોડ, તાલુકા શાળા સામે, જૂનાગઢ.
મો. ૯૪૨૭૭ ૪૧૪૨૪

# જૂનાગઢ શહેરમાં આવેલા દેવ મંદિરોમાં દર્શને અને ભવનાથ ક્ષેત્રમાં ભાવિકોનો ઉમટી પડેલો પ્રવાહ



## દેવ મંદિરોમાં વિશેષ પૂજા સહિતના કાર્યક્રમોનો લાભ લેતા શ્રધ્ધાળુઓ

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૦ : ધનતેરસના દિવસથી એટલે કે આજથી શરૂ થયેલા દિપાવલી અને નૂતન વર્ષના તહેવારોની આ શૃંખલામાં જૂનાગઢ અને ભવનાથ વિસ્તારમાં આવેલા વિવિધ ધાર્મિક સ્થળોએ શ્રધ્ધાળુઓનો પ્રવાહ દર્શનાર્થે ઉમટી પડી રહેલો છે. દુર-દુરથી આવેલા પ્રવાસીઓ પણ ફરવાલાયક સ્થળોએ ઉમટી રહ્યા છે અને જૂનાગઢ શહેરમાં પ્રવાસીજનતાનું આગમન થઈ રહ્યું છે. દિપાવલી અને નૂતન વર્ષના તહેવારોના આ દિવસોમાં ખાસ કરીને જૂનાગઢ અને આસપાસ આવેલા ફરવા લાયક સ્થળોએ પ્રવાસીજનતા મોટી સંખ્યામાં આવતી હોય છે. જૂનાગઢ શહેરમાં આવેલા વિવિધ ધાર્મિક સ્થળોએ પણ તહેવારોના દિવસોમાં વહેલી સવારથી દર્શન માટે લોકો ઉમટી પડતા હોય છે અને જેને લઈને જૂનાગઢ શહેરમાં પ્રવાસીજનતાનું આગમન થઈ ચુકયું છે અને ખાસ કરીને ભવનાથ તીર્થ ક્ષેત્રમાં આવેલા વિવિધ દેવ મંદિરો તેમજ જૂનાગઢ શહેરમાં આવેલા ધાર્મિક સ્થળોએ ભાવિકોની વિશેષ ઉપસ્થિતિ જોવા મળી રહી છે. આ ઉપરાંત ધનતેરસના વિશેષ પૂજાના કાર્યક્રમો તેમજ દિપાવલી અને નૂતન વર્ષ નિમિતે અન્નકોટના કાર્યક્રમોનું પણ ધાર્મિક સ્થળોએ આયોજન કરવામાં આવેલ છે અને તે અંગેના કાર્યક્રમો પણ જાહેર કરવામાં આવેલ છે. અન્નકોટ દર્શન માટે પણ ધાર્મિક સ્થળોએ મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડશે.



# કેરળના ગવર્નર હસ્તક મારવાડી યુનિવર્સિટીમાં ૨૦૦૦ વિદ્યાર્થીઓને ડિગ્રીનું સન્માન





(પંકજ ઝીંબા દ્વારા)

રાજકોટ તા.૧૦

સૌરાષ્ટ્રની પ્રખ્યાત મારવાડી યુનિવર્સીટીમાં નવેમ્બર ૮, ૨૦૨૩ના રોજ છઠ્ઠા પદવીદાન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં વિ ધાર્થી ઓ તથા વાલીઓએ હાજરી આપી હતી જેમાં મુખ્ય અતિથિ તરીકે કેરળના ગવર્નર આરીફ મોહમ્મદ ખાનની અભૂતપૂર્વ ઉપસ્તીથી રહી હતી. આ પદવીદાન સમારોહમાં ૨૦૫૧ વિધાર્થીઓને તમેની ડિગ્રી અને ડિપ્લોમા પ્રાપ્ત થયા જેમાં સીરિયા, દક્ષિણ સુદાન, U.A.E, અને ઝામ્બિયાના ૩૬૬ આંતરરાષ્ટ્રીય વિધાર્થી ઓનો પણ સમાવશે થાય છે. આ કાર્યક્ર્યમમાં મારવાડી યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી કેતનભાઈ મારવાડી, વાઈસ પ્રેસિડેન્ટ જીતુભાઈ ચંદારાણા, વાઈસ ચાન્સલેર સંદીપ સંચેતી, રજિસ્ટ્રાર નરેશ જાડેજા, તથા વિવિધ ડીન્સ, હેડ્સ અને ફેક્લટી મેમ્બર્સ પણ ઉપસ્થિત હતા.

મારવાડી યુનિવર્સીટીમાં ગત એકેડેમિક વર્ષમાં કુલ ૨૪૬ રિસર્ચ પપેર પબ્લિશ થયા છે જેના કારણે સંસ્થાનો એચ - ઈન્ડેક્સ ૨૬ થી ૩૭ ની પ્રગતિ પામ્યો. એવું કહી શકાય કે સંસ્થાના એકેડેમિક રિસર્ચે નોંધપાત્ર પ્રગતિ કરી છે અને તેની ગણુવત્તા પણ વધારી છે. તદુપરાતં રિસર્ચમાં રસ લેતા સાંસોધકોને૧કરોડ જેટલું સીડ ફ્ન્ડીંગ પણ આપવામાં આવ્યું છે જેના લીધે તઓ વધુ સારી રીતે પોતાનું રિસર્ચ આગળ વધારી શકે. મારવાડી યુનિવર્સીટી વિધાર્થીઓને જોબ માર્કેટ માટે રેડી કરે છે જેનો પુરાવો કેમ્પસ પ્લેસમેન્ટ માટે આ વર્ષે આવેલ ૪૪૪ કમ્પનીઓ આપે છે. આ બધી કમ્પનીઝ દ્વારા અહીંના વિધાર્થીઓને વિવિધ જોબ ઓફર્સ આપવામાં આવે છે જેમની આ વર્ષની હાઈએસ્ટ ૨૨ લાખ મળી હતી. આ સંસ્થા વિષેજાણતા અને પ્રાસંગિક ઉદબોધન આપતા શ્રી આરીફ મોહમ્મદ ખાને કહ્યું કે, "એક નોંધપાત્ર માઈલસ્ટોન હાસંલ કરવા છતાં પણ તમે આરામ કરી શકો તેમ નથી કારણ કે તમારુ પોતાનું કાર્ય હજી આવવાનું બાકી છે. ભવિષ્યમાં પણ તમારે શ્રેષ્ઠતાના ઉચ્ચ ધોરણો પર લક્ષ્ય રાખવું જોઈએ.અને આ વાત યાદ રાખવા જેવી છે કે માનવ મૂલ્યો તથા અનકુંપા વગર તમારું જ્ઞાન અને હાનીકારક છે. આ વર્ષે મારવાડી યુનિવર્સિટીએ બદલાતા સમય સાથે રફતાર રાખવા ૫ નવા કોર્સી સ લોન્ચ કર્યા જેમાં ડેટા સાયન્સ, ઈકોનોમિક્સ, ફાર્માસ્યુટિક્સ તથા રેગ્યુલેટરી અફેર્સ, બેચલર તથા માસ્ટર્સ લેવલે ડિગ્રીનો સમાવેશ થયો. નેશનલ એજ્યકુશન પોલિસી (NEP) અંતર્ગત શૈક્ષણિક માર્ગદર્શિકા પ્રમાણે વિવિધ વર્તમાન કાર્યક્રમોને પણ એક નવું સ્વરૂપ આપ્યું હતું આ વૈશ્વિક યુગમાં મારવાડી સંસ્થા વૈશ્વિકીકરણ ઉપર ખબુ જ ભાર મૂકે છે જેથી વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને એક્સપોઝર મળી રહે. MU ની ઈન્ટરનેશનલ ઓફિસે ૩૭ જેટલા નવા MOU સાઈન કર્યા જેના લીધે મોઝામ્બિક, પોલેન્ડ, વિયતેનામની સંસ્થાઓમાં સ્ટુડન્ટ અને ફેક્લટી એક્સચેન્જ કાર્યક્રમ સફળ થયા છે.

મારવાડી યુનિવર્સીટીના સ્થાપક કેતનભાઈ મારવાડીએ વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું કે, ‘‘મને મારા સ્નાતક થયાનો સમય યાદ છે જયારે નોકરી તથા વ્યવસાયના વિકલ્પો અતિ મર્યાદિત હતા.પરંતુ અત્યારની વિશ્વની રફતાર જોતા એવુંલાગેછે કે અમે જે વિકાસ અમારા પૂર્ણ જીવનકાળમાં જોયો તે આજનાં સ્નાતકો આવનારા બે વર્ષમાં જ અનુભવીશ. હું અહીં હાજર અમારા દરેક વિદ્યાર્થીઓને સુબહેચ્છા પાઠવું છુ અને એવી આશા રાખું છુ કે તમે મારવાડી સંસ્થાનું નામ વધું આગળ લઈ જશો.’’ મારવાડી યુનિવર્સિટીના વાઈસ ચાન્સલેર, પ્રોવોસ્ટ, ડો સંદીપ સંચેતી સંસ્થાનો વાર્ષિક રિપોર્ટ દર્શાવતા જણાવ્યું કે આજે ૨૦૫૧વિ ધાર્થીઓ જેમાં ૩૬૬ અંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પણ છે જેમારવાડીનું નામ આગળ લઈ જશે. તદુપરાતં સ્નાતક થતા વિદ્યાર્થીઓને સૂચન આપ્યું કે, ‘‘આગળ વધો અને તમને ઈચ્છતું પરિવર્તન બનો કારણકે તમે જ ભવિષ્યની આશકિરણ છો.’’

# માણાવદરમાં ૩ પ્રસુતાના કમોતની તપાસ : સ્વજનોનાં લેવાયા નિવેદનો, આક્ષેપિત તબીબ ગેરહાજર



(પ્રતિનિધી દ્વારા)

માણાવદર તા.૧૦

માણાવદર પંથકમાં ત્રણ મહિલાઓના પ્રસુતિ બાદ મોત થયા હતા જેમાં તબીબની બેદરકારી કારણભુત હોવાના આક્ષેપ થયા હતા આ અંગે મૃતકના પરિવારજનોએ પોલીસમાં ફરીયાદ અરજી આપેલ હોય બનાવની ગંભીરતાને ધ્યાને લઈ આરોગ્ય વિભાગ દ્વારા તબીબોની ટીમ બનાવી સમગ્ર બનાવની તપાસ હાથ ધરવામાં આવી છે. ત્યારે ગઈકાલે તપાસ ટીમે મહિલાઓના પરિવારજનોના નિવેદનો લીધા હતા.

ગત તા.૧૦-૧૦-૨૦૨૩થી તા.૧૬-૧૦-૨૦૨૩ દરમ્યાન જીંજરી, કોઠારીયા અને ભીંડોરાના મહિલાના પ્રસુતા સમયે ટયુલીપ હોસ્પિટલના તબીબ જયદિપ ભાટુ સહિતનાઓની બેદરકારીના કારણે મોત થયા હોવાનો હોબાળો મચી જવા પામ્યો હતો. આ અંગે આરોગ્ય વિભાગ દ્વારા સાત તબીબોની ટીમ બનાવી સમગ્ર બનાવની તપાસ કરવાનો આદેશ આપ્યા બાદ તપાસ ટીમે માણાવદર દોડી જઈ મૃતક મહિલાઓના પરિવારજનોના નિવેદન લેવાની કામગીરી શરી કરી છે. માણાવદર પીએચસી ઓફીસમાં પીડીત પરિવારજનોના રૂબરૂ નિવેદનો લેવામાં આવેલ. જેમાં મુકેશભાઈ ડાંગરે કહ્યું કે તેમના બેનનું મોત થયું છે તેમાં એનેસ્થેસીયા ડોકટરની બદલે ગાયનેક તબીબ જયદીપ ભાટુ દ્વારા જ એનેસ્થેસીયા આપવામાં આવ્યું હોવાથી તેમના સ્વજનનું મોત થયું છે. આ ઉપરાંત રાકેશભાઈ ડવના પત્નીનું મૃત્યુ પણ તબીબની બેદરકારીથી થયું હોવાનો આક્ષેપ કરાયો હતો. મૃતકના સ્વજનોએ આક્ષેપ કર્યો હતો કે પ્રસુતાની તબીયત ખરાબ થતા તબીબની જ ગાડીમાં સીઝેરીયન થયેલ મહિલાને રાજકોટ મોકલ્યા હતા ગંભીર હાલત હોવા છતાં ૧૦૮ કે એમ્બ્યુલન્સને બદલે ખાનગી ગાડીમાં રાજકોટ મોકલ્યા તે પણ તપાસનો વિષય છે.

જીલ્લા આરોગ્યની તપાસ ટીમ મૃતકના પરિવારજનોના નિવેદન લીધા બાદ ટયુલીપ હોસ્પિટલ ખાતે રૂબરૂ મુલાકાતે પહોંચી ત્યારે તબીબ જયદીપ ભાટુ કે તેમના પત્ની હાજર ન હોવાથી તેમનું નિવેદન લઈ શકાયુ નથી તેમ માણાવદર બીએચઓ શ્રોફે જણાવ્યું હતું. તબીબની ગેરહાજરીથી અનેક સવાલો ઉઠવા પામ્યા છે.

# કેશોદના અખોદર ગામે જમીનના ડખ્ખામાં પિતા-પુત્ર વચ્ચે થઈ મારામારી

(કમલેષ જોશી દ્વારા)

કેશોદ તા.૧૦

કેશોદના અખોદર ગામે ખેતીકામ કરતાં રાજદેભાઈ ખીમાણંદભાઈ ઉર્ફે ખીમાભાઈ કચોટ પોતાનાં ખેતરમાં મગફળી ભેગી કરી રહ્યાં હતાં ત્યારે તેઓનાં પિતા પુત્ર અને પત્ની આવીને કહેવા લાગ્યા હતાં કે તારે વાડીએ આવવું નહીં આમ કહી લાકડી ધારિયું લઈને હુમલો કરતાં ઈજાગ્રસ્ત હાલતમાં ૧૦૮ તાત્કાલિક એમ્બ્યુલન્સ સેવા મારફતે કેશોદ સબ ડિસ્ટ્રીકટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા પ્રાથમિક સારવાર આપી પગમાં ફ્રેકચર થયેલ હોય અને માથામાં ગંભીર ઈજા થઈ હોય વધુ સારવાર માટે જુનાગઢ રીફર કરવામાં આવ્યાં હતાં. જુનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે પોલીસ સમક્ષ નિવેદન આપી ઈજાગ્રસ્ત થયેલાં રાજદેભાઈ ખીમાણંદભાઈ ઉર્ફે ખીમાભાઈ કચોટ એ પોતાના પર હુમલો કરનાર પિતા ખીમાણંદભાઈ ઉર્ફે ખીમાભાઈ કચોટ પુત્ર વિશાલ રાજદેભાઈ કચોટ અને પત્ની વાલીબેન રાજદેભાઈ કચોટ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. કેશોદ પોલીસ સ્ટેશનનાં હેડ કોન્સ્ટેબલ કિરણભાઈ જીવાભાઈ ડાભી આગળની તપાસ હાથ ધરી છે. જ્યારે વિશાલભાઈ રાજદેભાઈ કચોટ જુનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં ત્યારે પોલીસ રૂબરૂમાં નિવેદન આપતાં જણાવ્યું હતું કે હું અને મારી માતા વાલીબેન રાજદેભાઈ કચોટ મોટરસાયકલ પર બેસીને વાડીએ ગયેલા ત્યારે મારાં પિતા રાજદેભાઈ ખીમાણંદભાઈ ઉર્ફે ખીમાભાઈ કચોટ એ કહેલ કે અહીંથી નીકળવું નહીં આમ કહી લાકડી વડે હુમલો કરી માર મારતાં કેશોદ સબ ડિસ્ટ્રીકટ સિવિલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે જુનાગઢ રીફર કરવામાં આવેલ છે.


કેશોદ પોલીસ સ્ટેશન નાં હેડ કોન્સ્ટેબલ કિરણભાઈ જીવાભાઈ ડાભી આગળની તપાસ ચલાવી રહ્યાં છે. કેશોદના અખોદર ગામે પારિવારિક મનદુઃખ માં થયેલ મારામારીનાં બનાવથી નાનકડાં ગામમાં ચર્ચાનો વિષય બની ગયો છે.

# દ્વારકા શારદાપીઠાધીશ્વર જગદગુરૂ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજશ્રીનું આજે શુભાગમન

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૦

ધર્મનગરી દ્વારકામાં અનંતશ્રી વિભૂષિત દ્વારકા શારદાપીઠાધીશ્વર જગદગુરૂ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજશ્રીનું શુભાગમન આજ તારીખ ૧૦ નવેમ્બર ૨૦૨૩ના રોજ સાંજે ૫ કલાકે શ્રી શારદાપીઠ મઠ દ્વારકામાં સંપન્ન થવાનું છે. પૂજ્ય શંકરાચાર્ય મહારાજશ્રીની નિશ્રામાં અનેકો ધાર્મિક દિપાવલી ઉત્સવો ઉજવવામાં આવશે. પૂજ્ય શંકરાચાર્યજી મહારાજશ્રી દ્વારા દિપાવલી ઉત્સવ નિમિત્ત દિવાવલીના સાંજે ભગવાન શ્રીચંદ્રમૌલીશ્વર એવં ભગવતી રાજરાજેશ્વરી ત્રિપુરસુંદરી (શ્રીયંત્ર)નું વિશેષ પુજન સંપન્ન થશે તથા પરંપરા મુજબ દિપાવલીના રાત્રે ૮:૩૦ કલાકે પૂજ્ય શંકરાચાર્યજીની નિશ્રામાં ગુરૂગાદી ઉપર મહાલક્ષ્મી પુજન સંપન્ન થશે. નૂતન વર્ષમાં શ્રી શારદાપીઠ સંચાલિત ૧૬ મંદિરમાં પૂજ્ય શંકરાચાર્યજી મહારાજશ્રીની નિશ્રામાં અન્નકુટ ઉત્સવ તથા આરતી સંપન્ન થશે. દિપાવલી ઉત્સવ તથા નૂતન વર્ષના શુભ અવસરે પૂજ્ય શંકરાચાર્યજી મહારાજશ્રીના દિવ્ય દર્શન, સત્સંગ અને પાવન



સાંનિધ્ય પ્રાપ્ત કરવા સમગ્ર ધર્મપ્રેમી સનાતનધર્માનુરાગી ગુરૂભક્તોને શ્રી શારદાપીઠ મઠમાં પધારવા બ્રહ્મચારી શ્રીનારાયણાનંદજી દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ગૌરક્ષક સેવા સમિતિ ટ્રસ્ટ જામકંડોરણા દ્વારા

# પૂર્વ સાંસદ સ્વ.વિઠ્ઠલભાઈ રાદડીયાનાં જન્મદિવસ નિમિત્તે સરકારી શાળાના બાળકોમાં વિનામૂલ્યે નોટબૂક અને બોલપેન વિતરણ કરાયું





(હરપાલસિંહ દ્વારા)

જામકંડોરણા તા.૧૦

પુર્વ સાંસદ અને ખેડૂત નેતા સ્વ. વિઠલભાઈ રાદડીયાનો જન્મદિવસ હતો. જન્મદિવસ નિમિત્તે ગૌ સેવા સમિતિ ટ્રસ્ટ જામકંડોરણાનાં પ્રમૂખ ક્રિપાલસિંહ જાડેજા અને તેની ટીમ દ્વારા જસાપર પ્રાથમિક શાળા ખાતે શાળાનાં બાળકોને વિના મૂલ્યે ચોપડા અને બોલપેન વિતરણ કર્યું હતું. કાર્યક્રમની શરૂવાત કરતાં પેલા સ્વ.વિઠ્ઠલભાઈ રાદડીયા નાં કાર્યોને યાદ કર્યા હતા. પધારેલ મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ ખુલ્લો મુકાયો હતો. કાર્યક્રમનાં અધ્યક્ષ પદે એશિયાટિક કોલેજ ગોંડલના માલિક અને શિક્ષણવિદ ગોપાલભાઈ ભૂવા ઉપસ્થિત રહ્યા હતા. ગૌ સેવા સમિતિનાં પ્રમુખ ક્રિપાલસિંહ જાડેજા પીપરડી દ્વારા સ્વાગત પ્રવચન કરવામા આવ્યું હતું. કાર્યક્રમમાં ગૌ સમિતિ દ્વારા ભાજપના નવનિયુકત હોદેદારો પ્રમુખ સિધરાજસિંહ જાડેજા ચરેલ, મહામંત્રી ગૌતમભાઈ વ્યાસ, આશિષભાઈ કોયાની તેમજ તાલુકા પંચાયત જામકંડોરણાનાં પ્રમુખ પ્રાણભાઈ ત્રાડાનું સાલ ઓઢાડી સન્માન કર્યું હતું. પ્રમુખ પ્રાણભાઈ ત્રાડા દ્વારા બાળકોને બિસ્કીટ પેકેટ આપવામાં આવ્યાં હતાં. ગૌતમભાઈ વ્યાસ અને ગોપાલભાઈ ભૂવાએ કાર્યક્રમને અનુરૂપ ઉદબોધન કર્યું હતું. શાળાની બાળા વરસાની તુલસી દ્વારા સરસ ગીત રજૂ કર્યું હતું. કાર્યક્રમમાં પુર્વ ભાજપ પ્રમુખ ચંદુભા ચોહાણ, તાલુકા પંચાયત પ્રમુખ પ્રાણભાઈ ત્રાડા, તાલુકા પંચાયત સદસ્ય ચંદુભાઈ મકવાણા,ભાજપ પ્રમુખ સિધરાજસિંહ જાડેજા, ભાજપ અગ્રણી સુરેન્દ્રસિંહ વાળા, ભાજપ મહામંત્રી ગૌતમભાઈ વ્યાસ, આશિષભાઈ કોયાની, જસાપર સરપંચ રાજુભાઈ ત્રાડા, આરએસએસ અગ્રણી દામજીભાઈ કોયાની, ભાજપ અગ્રણી વજુભાઈ બાલધા, બજરંગ દળ પ્રમુખ નાજાભાઈ ભરવાડ, ગ્રામ પંચાયત સદસ્ય લાલાભાઈ ભરવાડ, હિન્દુ ધર્મ સેના પ્રમુખ ધર્મેશભાઈ પટેલ, કરણી સેના પ્રમુખ હરપાલસિંહ જાડેજા, ભાજપ યુવા મંત્રી વિજયસિંહ જાડેજા ખાટલી, મંત્રી વિજયસિંહ જાડેજા પીપરડી, પાટીદાર અગ્રણી રજનીભાઈ પટેલ, હસુભા જાડેજા પીપરડી, ભગીરથસિંહ જાડેજા અડવાળ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જસાપર પ્રિન્સિપાલ વરસાનીએ કર્યુ હતું. કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ ક્રીપાલસિંહ જાડેજા, જીતેન્દ્રસિંહ વાળા, વનરાજસિંહ, જયેશ લિંબડ અને ગૌ સેવકોએ મેહનત કરી હતી.

# પરીક્ષામાં નાપાસ થતાં ચોરવાડનાં વિદ્યાર્થીએ ગળાફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો : અરેરાટી

જૂનાગઢ તા. ૧૦

પરીક્ષામાં નાપાસ થતાં ચોરવાડનાં એક યુવાન વિદ્યાર્થીએ ગળાફાંસો ખાઈ અને આપઘાત કરી લેતા ગમગીની વ્યાપી ગઈ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર ચોરવાડમાં સુમનબાગ વિસ્તારમાં આવેલ સરકારી દવાખાના સામે રહેતા અંકિતભાઈ હરસુખભાઈ કાલરીયા (ઉ.વ. ૨૫) નામનો યુવાન ટીવાયબીએસસીમાં અભ્યાસ કરતો હતો. પરંતુ નાપાસ થયો હતો. ઘણી વખત પરીક્ષા આપવા છતાં પાસ થયેલ નહી. જેનું લાગી આવતા અંકિતે ગઈકાલે સાંજે પોતાનાં ઘરે ઈલેકટ્રીક પંખા સાથે ચુંદડી વડે લટકીને ગળાફાંસો ખાઈ મોતને મીઠુ કરી લીધું હતું. દિવાળીનાં તહેવાર પર જ યુવકે આત્મહત્યા કરી લેતાં તેમનાં પરીવારમાં શોકનું મોજુ પ્રસરી ગયું છે.

# જૂનાગઢ : ૧૨ બોટલ વિદેશી દારૂ ઝડપાયો

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢ શહેરના ચોબારી ગામ તરફ જતા રસ્તેથી સી ડીવીઝન પોલીસે ૧૨ બોટલ વિદેશી દારૂ સાથે એકને ઝડપ્યો છે. આ અંગે સી ડીવીઝન પોલીસ સ્ટેશનમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ સી ડીવીઝન પોલીસે ચોબારી ગામ તરફ જતા રસ્તેથી પોપટ હાજાભાઈ ઓડેદરા (ઉ.વ.૨૨) રહે.લીરબાઈપરા, રામચોક પાસે, જૂનાગઢવાળાને ગ્રીન લેબલ ધ રીચ બ્લેંડ વ્હીસ્કી ફોર સેલ ઈન રાજસ્થાન ઓન્લી લખેલ ૭૫૦ એમએલની કાચની ૧૨ બોટલ કિ.રૂા.૪૮૦૦ તથા બાઈક સહિત કુલ રૂા.૧૯૮૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ સી ડીવીઝન થાણે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

**દિવાળીમાં ઘર પાસે રંગોળી પુરવા માટે રંગની ખરીદી કરી રહેલ લોકો**



દિપાવલી તહેવારોનાં શુભ અવસરે લોકો ઘર પાસે રંગોળી પુરવા માટે રંગોની ખરીદી કરી રહયા છે.

# ગિરનાર નેચર સફારી પાર્કમાં દિવાળીના તહેવારને લઈને સિંહ દર્શનમાં પ્રવાસીઓનું બુકિંગ ફૂલ

(અનુસંધાન પાના નં. ૮નું ચાલુ....)



આ ઉપરાંત હવે ગિરનાર નેચર સફારી પાર્ક શરૂ થતા સિંહ દર્શન માટે મોટી સંખ્યામાં પ્રવાસીઓનો ધસારો રહે છે. જેને લઈને દિવાળીના તહેવારને લઈને તારીખ ૧૧ થી ૨૦ સુધીની તમામ પરમીટ ફુલ છે. અત્રે નોંધનીય છે કે, દોલતપરા સ્થિત ગિરનાર નેચર સફારી પાર્ક શરૂકર્યા બાદ સિંહ દર્શન માટે પ્રવાસી જનતા આવતી હોય છે તેમજ ખાસ કરીને આ તહેવારના સમયગાળામાં રજાના માહોલ વચ્ચે મોટી સંખ્યામાં પ્રવાસીઓ સિંહ દર્શનનો લાભ લેવા આવી પહોંચે અને જેને લઈને હાલ પરમીટ હાઉસફુલ થઈ ગઈ હોવાનું જાણવા મળે છે.

# સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી અને કારકીર્દી ઘડતર માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું

જૂનાગઢ, તા.૧૦ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર ભવન દ્વારા કુલપતિ પ્રો.(ડૉ.) ચેતનભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ આજરોજ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીના સંદર્ભેતથા કયા ક્ષેત્રોમાં નોકરીની તકો રહેલી છે, તે અંગે જીપીએસસી પરીક્ષાની તૈયારી કરાવતા રાજકોટના નિષ્ણાંત તજજ્ઞ ધવલભાઈ મારૂ દ્વારા હજારો વિદ્યાર્થીઓને ઓનલાઈન માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના કુલપતિ પ્રો.(ડૉ.) ચેતનભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતુ કે, આજનું યુવાધન વહેલીતકે પોતાની ઉજ્જવળ કારકિર્દીનું નિર્માણ કરી શકે તે માટે યુનિવર્સિટી દ્વારા તમામ પ્રયત્નો થઈ રહ્યા છે. 'લક્ષ્ય' સિરીઝ અંતર્ગત યોજાયેલ કાર્યક્રમની શરૂઆતમાં સમાજશાસ્ત્ર ભવનના અધ્યક્ષ અને સિરિઝના કન્વીનર પ્રો.(ડૉ.) જયસિંહ ઝાલાએ સ્વાગત પ્રવચન કરીને વકતાનો પરિચય આપી સ્પર્ધાત્મક પરીક્ષાનું મહત્વ સમજાવ્યું હતું.મુખ્ય વકતા ધવલભાઈ મારૂએ ધોરણ ૧૦પાસ, ધોરણ ૧૨પાસ, ગ્રેજ્યુએટ પછી કેટલી કેટલી અને કઈ કઈ જગ્યાએ નોકરીઓની તકો છે ? તે બાબતે વિસ્તૃત-ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. સરકારી નોકરી શા માટે કરવી જોઈએ ? સરકારી નોકરીના લાભ શું છે ? સરકારી નોકરી થકી સમાજને કઈ રીતે આપણે મદદરૂપ થઈ શકીએ ? વિગેરે વિષે પણ સમજ આપી હતી. ધોરણ-૧૦પછી અગ્નિવીર તરીકે પણ નોકરી કરી શકાય છે, આંગણવાડીમાં હેલ્પર તરીકે કે ડાક સેવક તરીકે પણ જોડાઈ શકાય છે. ઉપરાંત ધોરણ ૧૨ પાસ પછી પોલીસ કોન્સ્ટેબલ, ફોરેસ્ટ ગાર્ડ,ઓફિસ આસિસ્ટન્ટ, કલાર્ક, આઇ ટી આઈ કક્ષાની નોકરી,અલગ અલગ બોર્ડમાં કો-ઓર્ડીનેટર તરીકે, બેંકમાં કલેરીકલ વર્ક કરવા માટે, રેલવેમાં વિગેરે જગ્યાઓએ પણ નોકરી મેળવી શકાય છે. ઉપરાંત ગ્રેજ્યુએટ થયા પછી જીપીએસસી,યુપીએસસી કલાસ વન- ટુ, પીએસઆઇ, ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સિનિયર કલાર્ક, આસિસ્ટન્ટ વગેરે, ડિફેન્સમાં આર્મી, નેવી, એરફોર્સ સહિતની જગ્યાએ નોકરીઓની તકો રહેલી છે.વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કઈ રીતે કરવું ? તેની પણ માહિતી આપી હતી. ધીરજ અને ડેડીકેશન, ખંતપૂર્વક મહેનત કરવાથી ખૂબ સારું પરિણામ મળે છે એવું પણ ધવલભાઈ મારુએ જણાવ્યું હતું. સરકારી નોકરી કરવાથી મળતા માન,મોભો, પ્રતિષ્ઠા, સલામતી, મેડિકલ ઈન્સ્યોરન્સ, સમાજસેવા કરવાની તક, બાળકો સંદર્ભે મળતા લાભો, રિટાયરમેન્ટ પછીના ઘણા બધા ફાયદાઓ વિગેરે વિષે પણ માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન સિરિઝના કો ઓર્ડીનેટર ડૉ. પરાગ દેવાણીએ કર્યું હતું અને અંતમાં આભારવિધિ કો કોર્ડીનેટર ડો.ૠષિરાજ ઉપાધ્યાયે કરી હતી.

# રાજયના ૧૩ જીલ્લાના ૫૮ તાલીમાર્થીઓએ પર્વતારોહણ ખડક ચઢાણની તાલીમ મેળવી : પ્રમાણપત્રો એનાયત કરાયા



જૂનાગઢ, તા.૯ જૂનાગઢ ખાતેના પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર સરકારી એડવેન્ચર કોર્સ તા.૩-૧૧-૨૦૨૩થી તા.૯-૧૧-૨૦૨૩ દરમ્યાન જૂનાગઢ ખાતે યોજાયો. જેમાં ૧૩ જિલ્લાના ૫૮ જેટલા ભાઈઓ અને બહેનોએ પર્વતારોહણની ખડક ચઢાણનીતાલીમ લીધી હતી. સમાપન કાર્યક્રમના અધ્યક્ષ ઈન્ચાર્જઆસિસ્ટન્ટ કમિશ્નર લેબર ડો. અમીષા પટેલ,વાલી-એ -સોરઠ હાઈસ્કૂલના આચાર્ય હારૂનભાઈ વિહળ અને માનદ ઈન્સ્ટ્રકટરોના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરી તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમમાં શાબ્દિક સ્વાગત તથા શિબિર અંગેની માહિતી ઈન્સ્ટ્રકટર ઈન્ચાર્જ ઉપેન્દ્રસિંહ રાઠોડે આપી હતી. શિબિરાર્થીઓ પ્રજાપતિ ઈશિકા,ચાવડા ફોરમ,હીર ભાવસાર દ્વારા કેમ્પના અનુભવો વિષે તેમના અભિપ્રાય વ્યકત કર્યા હતા. અતિથી વિશેષ હારૂનભાઈ વિહળે શિબિરાર્થીઓને સારી આદતો કેળવવા માટે જણાવ્યું હતુ. કાર્યક્રમના અધ્યક્ષ ડૉ. અમીષા પટેલે આ પ્રકારના કોર્ષમાં ભાગ લેતા રહેવા અને નેતૃત્વના ગુણો વિકસાવવા માટે માર્ગદર્શન આપ્યું હતું. અંતે આભાર વિધિ માનદઈન્સ્ટ્રકટર બચુભાઈ મકવાણા કરી હતી. કાર્યક્રમનું સંચાલન રાવલ વીર તથા દેવાંશી પટેલે કર્યું હતું. આ સરકારી એડવેન્ચર કોર્સમાંરાજયભરના સર્વ બચુભાઈ મકવાણા, રણજીતસિંહ ઝાલા, પિયુષ પાંડવ, મિલન બાંમણીયા, પ્રિયા મ્યાત્રા, પીનલ પટેલ, નેન્શી દવેએ માનદ ઈન્સ્ટ્રકટર તરીકે સેવા આપી હતી. રાજય સરકારના કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગરઆયોજીત અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ સરકારી એડવેન્ચર કોર્સ સંચાલન કરવામાં આવી રહ્યું છે.

## સુત્રાપાડા તાલુકાના ખાંભા ગામે આવેલી

# તપોવન માધ્યમિક શાળાની હોસ્ટેલમાં ધો-૯ના વિદ્યાર્થીને ધો-૧૨ના ૯ વિદ્યાર્થીઓએ માર મારતા નોંધાઈ પોલીસ ફરીયાદ

(ભોળા જાદવ દ્વારા)

લોઢવા, તા.૧૦ સુત્રાપાડાના ખાંભા ગામે આવેલી તપોવન માધ્યમિક શાળાની હોસ્ટેલમાં ધોરણ ૯ના વિદ્યાર્થીને ધોરણ ૧૨ ના નવ વિદ્યાર્થીઓએ રાત્રિના બેફામ માર્યાની ઘટના સામે આવી છે ઘટના સંદર્ભે સંસ્થાના જવાબદારો દ્વારા બનાવને દબાવવા અને વાલીઓને સમએ જાણ ન કર્યા હોવાના પણ ગંભીર આક્ષેપો લગાવવામાં આવ્યા છે. પીડિત બાળકના પિતા દ્વારા સુત્રાપાડા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. આ અંગે મળતી વિગત અનુસાર પ્રશ્નાવડા ગામના માનસીંગભાઈ પરમારે સુત્રાપાડા પોલીસમાં આપેલ લેખિત ફરિયાદમાં જણાવ્યા મુજબ મારો પુત્ર ધોરણ ૯ માં ખાંભા ગામે જસાભાઈ રામાભાઈ ડોડીયા એજયુ.એન્ડ ચેરી. ટ્રસ્ટ સંચાલીત તપોવન મા.શાળા ખાંભામાં અભ્યાસ કરે છે અને હાલ મારો પુત્ર હોસ્ટેલમાં રહે છે અને હાલ મારા પુત્રને તા-૫/૧૧/૨૦૨૩ના રોજ રાત્રે ૧૨.૩૦ ની આસપાસ ધોરણ ૧૨ માં અભ્યાસ કરતા ૯ વિદ્યાર્થીઓએ ઉઠાડી અને કહેલ કે બેટ બોલ ગાદલા વિગેરે હોસ્ટેલમાં એક રૂમમાં રાખેલ છે તેની ચાવી માંગી હતી જે ચાવી આપવાની ના પાડતા મને ઉપરના તમામ ઈસમોએ અને મુંઢ માર મારી તેમજ મારા પુત્રને પટા વડે માર મારવા લાગેલ આ સમયે મારા પુત્ર એ બચવા માટે રાડા રાડી કરેલ પરંતુ ગૃહપતી બાલુભાઈ ઝાલા અવાજ સાંભળેલ નહીં અને તેઓએ અને તપોવન મા.શાળા ખાંભાના સ્ટાફ પ્રીન્સીપાલ રાજદીપભાઈ ડોડીયાએ અમોને આ બનાવા બનવા છતાં અમોને જાણ કરેલ નથી અને મારા પુત્રને હું ૭/૧૧/૨૦૨૩ના દીવાળીના વકેશન પડવાનુ હોવાથી મારા પુત્રને હું હોસ્ટેલેથી તેડવા જતા મને જાણ થયેલ છે. આમ મારા પુત્રને મોટી જાન હાની અને આકસ્મીક



કારણો સર કોઈ અણ બનાવ બને તો તેની જવાબદારી કોની. આમ સ્કુલના પ્રીન્સીપાલ તથા સ્ટાફને આ બાબતની જાણ હોવા છતા તેઓએ આ બનાવ ની મને જાણ કરેલ નહી.પીડિત વિદ્યાર્થીના પિતા માનસિંગભાઈ એ વધુમાં એવું પણ જણાવેલ કે, ગંભીર બાબત એ છે કે, અમોને પોલીસ ફરીયાદ ન કરવા દેવા માટે અમોને તથા મારા પુત્રને રીશવત માટે પણ મજબુર કરેલ ત્યારે મારા પુત્રને ન્યાય મળે અને બીજા વિદ્યાર્થીઓનું પણ ભવિષ્ય જોખમાય રહયુ છુ. મારા પુત્ર જેવા અનેક બાળકો શાળામાં અભ્યાસ કરવા તથા હોસ્ટેલમાં રહેવા માટે આવે છે. અને એના ભવિષ્ય પર જોખમાય રહયુ છે અને કાલ સવારે કોઈ અન્ય ગંભીર બનાવ ન બને તે માટે આગમચેતીના પગલા માટે કડકમાં કડક ન્યાયિક કાર્યવાહી કરવામાં આવે તેમ જણાવ્યું છે. આવા ઈસમો તથા તપોવન મા.શાળા ના તમામ સ્ટાફ તથા ગૃહપતી વિરૂધ્ધ કાયદેસરની કાનુની કાર્યવાહી તાત્કાલીક ધોરણે કરવા જણાવ્યું હતું. ઘટના સંદર્ભે સંસ્થાના આચાર્ય રાજદીપ ડોડીયા સાથે વાત કરતા તેઓ એ સમગ્ર ઘટના અંગે પ્રથમ તો ગોળ ગોળ જવાબ આપેલ અને સાથે એ પણ જણાવેલ કે તા.૫ ની રાત્રીના બીજા પણ બેથી ત્રણ વિદ્યાર્થીઓને ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓએ માર માર્યો હતો. વિદ્યાર્થીઓએ બાળક બુદ્ધિમાં આવું કૃત્ય કર્યાનું જણાવ્યું હતું. હાલ તો ભોગ બનનાર વિદ્યાર્થીને સુત્રાપાડા સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવેલ. સુત્રાપાડા પોલીસ દ્વારા પણ બનાવ સંદર્ભે તપાસ હાથ ધરવામાં આવી છે.

# જૂનાગઢ જીલ્લા માટે ૩૦ ઈ - રિક્ષાનું કરાયેલ લોકાર્પણ



જૂનાગઢ, તા.૧૦ સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ અંતર્ગત જૂનાગઢ જિલ્લા માટે ૩૦ ઈ - રિક્ષાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.આ ૩૦ ઈ - રિક્ષાને જીલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમર, કલેકટર અનિલકુમાર રાણાવસિયા, જીલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, અને જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક પી.જી પટેલ સહિતના મહાનુભાવોએ લીલીઝંડી આપી લોકાર્પણ કર્યું હતું. આ ઈ - રિક્ષાના લોકાર્પણથી ઘન કચરાના વ્યવસ્થાપન વધુ સારી રીતે થઈ શકશે.

# વંથલીના કોયલી ખાતે મહિલાઓ માટે કાયદાકીય માર્ગદર્શન સેમીનાર યોજાયો

## ઘરેલું હિંસા અધિનિયમ-૨૦૦૫ અને મહિલાલક્ષી યોજનાઓની જાણકારી અપાઈ



જૂનાગઢ, તા.૧૦ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ ''ઘરેલું હિંસા અધિનિયમ-૨૦૦૫'' અંતર્ગત તા.૦૭-૧૧-૨૦૨૩નાં રોજ વંથલી તાલુકાના કોયલી ખાતે કાયદાકીય માર્ગદર્શન સેમીનાર યોજાયો હતો. જેમાં ઉપસ્થિત મહિલાઓને ઘરેલું હિંસા એટલે શું? તેના પ્રકારો અને મહિલાઓ સાથે થતી હિંસાના કિસ્સામાં સરકારશ્રીની વિવિધ સેવાઓ જેવી કે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન, સખી વન સ્ટોપ સેન્ટર, પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર વગેરેનો લાભ કેવી રીતે મેળવી શકે તે અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકની અન્ય યોજનાઓ જેવી કે વ્હાલી દીકરી યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, ગંગા સ્વરૂપા પુનઃ લગ્ન આર્થિક સહાય, મહિલા સ્વાલંબન યોજના, બેટી બચાવો બેટી પઢાવો યોજનાઓની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં દહેજ પ્રતિબંધક સહરક્ષણ અધિકારી(ગ્રામ્ય) બી.ડી.ભાડ, ફિલ્ડ ઓફિસર શ્રી પાઘડાર પલ્લવીબેન, સખી મંડળના બેંક સખી મધુબેન, ડીસ્ટ્રીકટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેનના કર્મચારીઓ, સખી વન સ્ટોપ સેન્ટરના કેન્દ્ર સંચાલક ભાખર અંકિતાબેન, પોલીસ સ્ટેશન બેઝ સપોર્ટ સેન્ટરમાંથી મનીષાબેન રતનોત્તાર તથા ગામની મહિલાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# બદલાતા મોસમ વચ્ચે પણ શ્રીરામ સુપર ૧-જીઈ-૧૪ અને સુપર ૧૧૧ ઘઉંના બીજથી ખેડૂતોને મળી રહી છે વધુ સારી ઉત્પાદકતા

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૦ ગુજરાતના ખેડૂતોએ માહિતી આપી કે ડીસીએમ શ્રીરામ લિમિટેડના યુનિટ શ્રીરામ ફાર્મ સોલ્યુશન્સ તરફથી રજૂ કરવામાં આવેલ શ્રીરામ સુપર ૧-જીઈ-૧૪ અનેસુપર ૧૧૧ ઘઉંના બિયારણથી તેમના ઉત્પાદનમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે. શ્રીરામ ફાર્મ સોલ્યુશન્સે ખેડૂતોની પાક ઉત્પાદકતા વધારવા માટે આધુનિક અને અનુસંધાન-ઉનમુખ પ્રોડકટસ વિકસિત કરી છે.




ઘણાબધા વર્ષોથી શ્રીરામ સુપર ૧૧૧ અને શ્રીરામ સુપર ૧-જીઈ-૧૪ ઘઉંના બિયારણ ગુજરાતના ખેડૂતો વચ્ચે ખૂબ જ લોકપ્રિય થયા છે. શ્રીરામ ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સના વિશ્વ પ્રસિદ્ધ ઘઉં વૈજ્ઞાનિકો દ્વારા આ જાતોને તૈયાર કરવામાં આવેલ છે.શ્રીરામ સુપર ૧૧૧ અને ૧-જીઈ-૧૪ ઘઉંના બિયારણ તેમના અનુકૂળ જાતો અને વધુ સારી ઉત્પાદકતાને લીધે ખેડૂતોમાં ખૂબ જ લોકપ્રિય છે. તેના દાણા મોટા, કઠોર અને ચમકદાર છે, સાથે જ આ ઘઉંમાંથી બનતી રોટલી ખૂબ જ સારી ગુણવત્તા ધરાવતી હોય છે.અને સૌથી ખાસ વાત એ છે કે બદલાતી પરિસ્થિતિઓમાં સામે આવી રહેલા નવા નવા પડકારો વચ્ચે પણ ઘઉંની આ જાતોના પરિણામ શ્રેષ્ઠ છે. પોતાની આ વિશેષતાને લીધે આ બન્ને જાત ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશના ખેડૂતોની પહેલી પસંદગી બની ગઈ છે.

રાજકોટના એક અનુભવી ખેડૂત ચંદુભાઈએ ગયા વર્ષે પોતાના ખેતરમાં શ્રીરામ સુપર ૧-એસઆર-૧૪ ઘઉંના બીજનું વાવેતર કર્યું હતું. તેમનું કહેવું છે કે તેમાં કંઠીદીઠદાણાની સંખ્યા ૭૦-૭૫ પ્રાપ્ત થઈ છે અને અન્યજાતોની સરખામણીમાં શ્રીરામ ૧-જીઈ-૧૪માં ઓછા પાણીની જરૂર પડે છે. શ્રીરામ સુપર ૧-જીઈ-૧૪માં વધારે ઉપજ એટલે કે ૨૬-૨૮ ક્વિન્ટલ પ્રતી એકર ઉપજ મળવાને લીધે તે અન્ય ખેડૂતોને પણ શ્રીરામ સુપર ૧-જીઈ-૧૪નો ઉપયોગ કરવાનીસલાહ આપે છે.

આ સાથે જ શ્રીરામ દ્વારા બજારમાં આપવામાં આવી રહેલી જાત શ્રીરામ સુપર ૧૧૧થી ખેડૂતો ખૂબ જ ખુશ છે, તેઓ શ્રેષ્ઠ પરિણામ મેળવી રહ્યાં છે.

છોટા ઉદેપુરના ખેડૂત કલ્પેશભાઈએ શ્રીરામ સુપર ૧૧૧ ઘઉંના પાક પ્રદર્શનમાં ઉત્તમ પરિણામને જોતા ગયાવર્ષે તેને લગાવ્યા અને તેઓ આ પાકના પરિણામોથી ખૂબ જ ખુશ છે. તેમનું કહેવું છે કે તેમા કંઠીલાંબી આશરે ૧૨-૧૩ સીએમ હોય છે. પાક એક સમાન આવે છે અને કોઈ પણ પ્રકારની બીમારીની સમસ્યા આવતી નથી. પાકની ઉપયુક્ત ઉંચાઈ હોવાને લીધે તેમા પડવાની કોઈ ફરિયાદ આવી નથી. આગામી વર્ષ તેમના સમગ્ર ખેતરમાં શ્રીરામ સુપર ૧૧૧ બીજનું જ વાવેતર કરશે.

શ્રીરામ સુપર ૧૧૧ અને ૧-જીઈ-૧૪ ઘઉંના બીજની સાથે, શ્રીરામ ફાર્મ સોલ્યુશન્સના અન્ય ઉત્પાદન જેવા કે શ્રીરામ સુપર૩૦૩ પણ છેલ્લા કેટલાક વર્ષોથી પોતાના શાનદાર પર્ફોમન્સને લીધે ખેડૂતોમાં ખૂબ જ લોકપ્રિય થઈ ગયેલ છે.

શ્રીરામ ફાર્મ સોલ્યુશન્સ ૧૩૪ વર્ષ જૂની ડીસીએમ શ્રીરામ લિમિટેડનું એક યુનિટ છે. એક અગ્રણી બિઝનેસ ગ્રુપ કે જેનું ટર્નઓવર ૧૨૦૮૦ કરોડ છે. શ્રીરામ ફાર્મ સોલ્યુશન્સ એગ્રી-ઈનપુટ જેવા બીજ, સ્પેશ્યાલિટી ન્યુટ્રિશન તથા પાક સંરક્ષણ શ્રેણીઓના કારોબારમાં સક્રિય છે.

# કાળી ચૌદશનું મહત્વ પૂજન અને નિવેદ ક્યારે કરવા તેની માહિતી

કાળીચૌદશ એટલે ભગવાન પાસેથી રક્ષા મેળવવાનો દિવસ. આસો વદ તેરસને શનીવારે તા .૯.૧૧.૨૩ બોંપોરે ૧.૫૮ વાગ્યા સુધી તેરસ તિથિ છે . ત્યારબાદ ચૌદશ તિથિનો પ્રારંભ થાય છે આથી શનિવારે બપોરથી કાળી ચૌદશ છે. કાળી ચૌદશને રૂપચર્તુદશી નરક ચતુદશી, વૈકુંઠચતુદશી અને કાળ ચતુદશી પણ કહેવામાં આવે છે કાળી ચૌદસના દિવસે સવારે નિત્ય કર્મ કરી તલનું તેલ શરીરે ચોપડી ત્યારબાદ સ્નાન કરવાની અભ્યગ સ્નાન કહેવાય છે આનાથી આરોગ્ય સારું રહે છે, ત્યારબાદ પિતૃતર્પણ કરી શકાય, કાળી ચૌદશના દિવસે દરેક તેલમાં મહાલક્ષ્મીનો વાસ હોય છે અને જળમાં ગંગાજીનો વાસ હોય છે . આથી તેલ ચોપડી સ્નાન કરી અને તર્પણ કરવાથી પિતૃઓના આશિર્વાદ મળે છે અને આરોગ્ય પણ સારૂ રહે છે. કાળી ચૌદસ તીથી ની શરૂઆત શનિવારે બપોરના ૧.૫૮ થી થશે જે રવિવારે બપોર ના ૧.૪૪ સુધી ચાલશે આથી કાળી ચૌદસ ના નિવેદ નું મહત્વ આ રીતના રહેશે. કાળી ચૌદશના દિવસે સુરાપુરા અને કુળદેવીને નૈવેધ ધરાવાનું પણ મહત્વ છે જે લોકોને સાંજના નૈવેદ્ય થતા હોય તેઓએ શનીવારે સાંજ ના નૈવેધ કરવા અને જે લોકોને બપોરના નૈવેદ્ય થતા હોય તેઓ એ રવીવારના બપોરના નૈવેદ્ય કરવા. કાળી ચૌદશના દિવસે કરેલ મંત્ર ઉપાસના જલદી સિદ્ધ થાય છે . કાળી ચૌદશના દિવસે હનુમાન ચાલીસાના ૧૧ અથવા ૨૧ પાઠ કરવા અને હનુમાનજી દાદાને તેલ સિંદૂર અને અડદ ચડાવવા જીવનમાં રાહત મળશે અથવા તો સુન્દરકાંડના પાઠ કરવા જોઈએ તે ઉપરાંત કાલ ભૈરવ ઉપાશના બગલામુખી ઉપાસના કરવી ઉત્તમ છે. કાળી ચૌદસના દિવસે સાંજના સમયે ઘરમાં મંદિર પાસે યમદેવના ૧૪ તેલના દીવા કરવા પ્રાર્થના કરવી અમારા પરિવારજનોને અને મને યમ યાતનાના મળે આમ કરવાથી યમ યાતના મળતી નથી અને રક્ષા પણ થાય છે અને આરોગ્ય પણ સારું રહે છે ', મકર, કુંભ. મીન રાશીના લોકોને સાડા સાતી ચાલી રહી છે . તેમણે હનુમાનજીની ઉપાસના કરવી જેનાથી પનોતીમાં રાહત મળશે .

- શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંત રત્ન)

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

### તંત્રી લેખ

## ભારતીય નાગરીકોની સંવેદનશીલ માહિતીનાં દુરૂપયોગનો ખતરો

દેશના નાગરિક સરકારી એજન્સીઓના સુરક્ષા ઉપાયો પર ભરોસો કરીને પોતાની અંગત સંવેદનશીલ માહિતી વિભિન્ન સરકારી સુવિધાઓની જરૂરિયાત માટે ઉપલબ્ધ કરાવતા હોય છે. વિભિન્ન યોજનાઓ માટે અનિવાર્ય રૂપે અંગત જાણકારી ઉપલબ્ધ કરાવવાને લઈને વારે-તહેવારે ચર્ચા ચાલતી રહે છે કે શું પોતાની અંગત અને ગુપ્ત જાણકારી સરકારની કોઈ યોજના માટે આપવી મજબૂરી છે? કેટલાક લોકો તેને નિજતામાં અતિક્રમણ માને છે. તેની એક આશંકા એ પણ રહી છે કે ઓનલાઈન સેવાઓ અને સુવિધાઓના વિસ્તાર બાદ નાગરિકોના ડેટાની ફૂલપ્રુફ સુરક્ષાની ગેરંટી નથી આપી શકાઈ. નાગરિકોની આ આશંકા એ સમયે હકીકતમાં બદલાતી દેખાઈ જ્યારે અમેરિકાની સાઈબર સિક્યોરિટી ફર્મ રિસિક્યોરિટીએ દાવો કર્યો કે લગભગ ૮૧.૫ કરોડ ભારતીય નાગરિકોની અંગત જાણકારી બદનામ ડાર્ક વેબ પર વેચાવા માટે ઉપલબ્ધ છે. કહેવાઈ રહ્યું છે કે કોવિડ રસીકરણના રજિસ્ટ્રેશન માટે ભારતીય ચિકિત્સા સંશોધન પરિષદ દ્વારા નાગરિકોના આધારકાર્ડ દ્વારા આ અંગત માહિતી એકઠી કરવામાં આવી હતી. કહેવાય છેકે કથિત રીતે આ માહિતી કોવિડ-૧૯ના રસીકરણ રેકોર્ડમાંથી લેવામાં આવી છે. નિઃસંદેહ આ સમાચારે ભારતીય નાગરિકોના ખાનગી ડેટાની સુરક્ષા અને ગોપનીયતાને લઈને ચિંતા વધારી દીધી છે. એ તપાસનો વિષય છેકે કેવી રીતે આટલા મોટા પાયે નાગરિકોનો ડેટા હેકરો દ્વારા ચોરી કરી લેવાયો. આ ગંભીર ઘટનાના મૂળ સુધી જવાની જરૂર છે. અહીં એ પણ ઉલ્લેખનીય છે કે અમેરિકી કંપનીનો આ રિપોર્ટ ભારત સરકાર દ્વારા ડિજિટલ વ્યક્તિગત ડેટા સંરક્ષણ કાયદો લાગુ કરવાના થોડા મહિના બાદ આવ્યો છે. આ કાયદો ડિજિટલ વ્યક્તિગત ડેટાની સુરક્ષાના અધિકારને સુનિશ્ચિત કરે છે. આજે એ જરૂરી છે જેથી દેશમાં ડેટાની ચોરી અને છેડછાડની તમામ ઘટનાઓ પર અંકુશ લાગી શકે. એ આપણી ચિંતાનો વિષય હોવો જોઈએ કે ૨૦૨૨માં દુનિયાભરમાં ડેટાના દુરુપયોગના જે ૨.૨૯ બિલિયન કેસો નોંધવામાં આવ્યા, તેમાંથી ૨૦ ટકા કેસો ભારતમાં જોવા મળ્યા.

આના પહેલાં પણ જૂનમાં મીડિયામાં કેટલાક રિપોર્ટ પ્રકાશિત થયા હતા, જેમાં કહેવાયું હતું કે કોરોના મહામારી દરમ્યાન સુવ્યવસ્થિત રસીકરણ અને કોરોનાના રોગીઓના ઉપચાર માટે સ્વાસ્થ્ય મંત્રાલયનું જે પોર્ટલ કો-વિન તૈયાર કરવામાં આવ્યું હતું, તેમાંથી લોકોની સંવેદનશીલ માહિતી ચોરી લેવામાં આવી છે. ત્યારે મીડિયાના આ રિપોર્ટોને કેન્દ્ર સરકારે ફગાવી દીધા હતા. નિઃસંદેહ ભારતમાં ડેટા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે આપણે હજી લાંબી મજલ ખેડવાની છે. અસલમાં હેકરો આ મામલે સરકારી સુરક્ષા તંત્રને છેતરવામાં સફળ રહે છે. નિશ્ચિત રૂપે ડેટા ચોરવાની તપાસ સિવાય ભારતીય કમ્પ્યૂટર આપાતકાલીન પ્રતિક્રિયા ટીમ એટલે કે સીઈઆરટી-ઈન એ સાઈબર સુરક્ષા સમાધાન આપવું જોઈએ. જેથી ભવિષ્યમાં આ પ્રકારની ઘટનાઓની પુનરાવૃત્તિ પર રોક લગાવી શકાય. આપણા નાગરિક, જે કોઈ શંકા વિના જાહેર અને ખાનગી એજન્સીઓ સાથે પોતાની વ્યક્તિગત માહિતી શેર કરે છે તેમને વ્યક્તિગત ઓળખની ચોરી, ઓનલાઈન છેતરપિંડી અને સાઈબર અપરાધોના અન્ય રૂપોથી વ્યાપક સુરક્ષા પ્રદાન કરવાની જરૂર છે. આશા રાખીએ કે અમેરિકી એજન્સી રિસિક્યોરિટીના એલર્ટ બાદ નાગરિકોના ડેટાની સુરક્ષાના ઉપાયોને ગંભીરતાથી લેવામાં આવશે. આ વાતનું અવલોકન પણ થવું જોઈએ કે ડેટા સુરક્ષાને લઈને ઊભરતા ખતરા અને પડકારોને પહોંચી વળવા માટે નવીન કાયદા સંપૂર્ણ રીતે સક્ષમ છે પણ કે નહીં. ગંભીર ચિંતાનો વિષય છે કે કુખ્યાત ડાર્કવેબ પર કરોડો ભારતીયોની ખાનગી માહિતી વેચાણ માટે પડેલી છે. જેમાં કરોડો ભારતીયોના આધાર કાર્ડ, પાસપોર્ટ, ફોન નંબર અને સરનામાં સંબંધી જાણકારી ઓનલાઈન વેચાણ માટે ઉપલબ્ધ છે. આજની દુનિયામાં સાઈબર અપરાધોને જોતાં લોકોનો ડેટા સુરિક્ષત રાખવો અનિવાર્ય છે. જે સુરક્ષા ઉપાયોને ફૂલપ્રૂફ બનાવવાની જરૂર દર્શાવે છે. કહેવાઈ રહ્યું છે કે આના પહેલાં કેગ પણ આધાર કાર્ડ જારી કરનારી ઓથોરિટી દ્વારા ડેટા સુરિક્ષત કરવાના ઉપાયોની રીતભાતો પર ચિંતા વ્યક્ત કરી ચૂક્યા છે. ડેટાને સુરિક્ષત રાખવા માટે સતત સિક્યોરિટી ઓડિટ્સ અને અપડેટ્સની જરૂર હોય છે, જેથી ઓનલાઈન ફ્રોડથી લોકોને બચાવી શકાય.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

લોભનો નાશ કરો, ક્ષમા કરો, અભિમાન ત્યજો, પાપ ન કરો, સત્ય બોલો...

- નીતિ શતક

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ખોરદાદ-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, આસો વદ-૧૨ ગુરૂદ્વાદશી, ધનતેરસ, યમદીપદાન, શ્રી ધનવંતરી જન્મોત્સવ, પ્રદોષ તા.૧૦ નવેમ્બર ૨૦૨૩, શુક્રવાર, પારસી તા.૨૭, મુસ્લિમ તા.૨૫, હસ્ત નક્ષત્ર, વિષ્કુંભ યોગ, ગર કરણ, સૂ.ઉ.૭:૦૨, સૂ.અ.૬:૦૮

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મનમાં અશાંતિ રહે. ગૃહજીવનમાં ચકમક ઝરે.
વૃષભ શાંતિ અને ધીરજથી દિવસ પસાર કરો. અપશય ન મળે તેની તકેદારી રાખજો.
મિથુન મનમાં દુઃખ વ્યથા અનુભવાય. આરોગ્ય અંગે સાવચેતી રાખવી.
કર્ક: ધીરજના ફળ મીઠા મળે. પરેશાની, તકલીફમાં વધારો થતો જણાય.
સિંહ: મિલન-મુલાકાતમાં સફળતા મળે. લાભની તક સાંપડે.
કન્યા: મહેનતનું શુભ ફળ મળે. યાત્રા-પ્રવાસમાં લાભ થાય.
તુલા: ધીરજ રાખવી હિતાવહ. નાણાંકીય લાભ થાય.
વૃશ્ચિક વેપાર-વાણિજ્યના કાર્યમાં લાભ થાય.
ધન: કાર્યબોજ વિશેષ રહે. મનની મુરાદ બર ન આવે.
મકર: લાભની તક સાંપડે. આર્થિક પ્રગતિજનક દિવસ વ્યતિત થાય.
કુંભ: જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. વ્યર્થ ક્રોધથી દૂર રહેવું.
મીન: મનની મનોકામના પૂર્ણ થાય. નવિન સમાચાર મળે.

### અંબાજીનો પ્રસાદ ફરી વિવાદમાં આવ્યો

# જેનો કોન્ટ્રાક્ટ રદ કરાયો તેના બોક્સમાં જ પ્રસાદ પીરસાયો




અંબાજી, તા.૧૦

અંબાજીનો મોહનથાળ પ્રસાદ ફરીથી વિવાદમાં આવ્યો છે. નકલી ઘી મળ્યા બાદ બ્લેકલિસ્ટ કરાયેલી મોહિની કેટરર્સ ફરી ચર્ચામાં આવી છે. અંબાજી મંદિરે બ્લેક લિસ્ટેડ કરેલી મોહિની કેટરર્સ કંપની અને અંબાજી મંદિર ટ્રસ્ટ ફરીથી વિવાદમાં આવ્યું છે. હાલ મોહનથાળ પ્રસાદ તો અંબાજી મંદિર બનાવે છે, પરંતુ પ્રસાદના બોક્સ પર મોહિની કેટરર્સનું નામ જોવા મળતા જ ખળભળાટ મચી ગયો છે. છેલ્લા સવા મહિનાથી અંબાજી મંદિર ટ્રસ્ટ મોહનથાળ પ્રસાદ બનાવે છે, તો પછી મોહિની કેટર્સનુ બોક્સ કેવી રીતે આવ્યું, તે વિવાદ ઉઠ્યો છે. બનાસકાંઠા એનએસયુઆઈ મહામંત્રી દ્વારા સમગ્ર મામલો ખુલ્લો પાડવામાં આવ્યો છે. અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ મોહનથાળ બંધ કર્યો ત્યારે વિવાદમાં આવ્યું હતું, ત્યારબાદ નકલી ઘીના ઉપયોગમાં પણ વિવાદમાં આવ્યું હતું, ત્યારબાદ રાજભોગ પ્રસાદ ૫૧ શક્તિપીઠમાં બંધ થયો ત્યારે પણ વિવાદમાં આવ્યું હતું અને હવે ફરીથી મોહિનીના બોક્સના ઉપયોગનો વિવાદ આવ્યો છે. અંબાજી મંદિર ટ્રસ્ટ કઈ રીતે મોહિની કેટરર્સને બ્લેકલિસ્ટ કરાઈ છે, તો તેના બોક્સ ઉપયોગ કઈ રીતે ઉપયોગ કરી શકે તેવો સવાલ એનએસયુઆઈ દ્વારા પૂછાયો છે. એનએસયુઆઈ દ્વારા અંબાજી મંદિરના વહીવટદારને ફોન કર્યો તો સિદ્ધિ વર્માએ જણાવ્યું કે, મોહિની કેટરર્સના બોક્સ વધ્યા હતા એટલે ઉપયોગમાં લઈએ છીએ. હવે જો ફૂડ વિભાગ કેસ કરે તો કેસ કોની પર થાય, મોહિની ઉપર કે મંદિર ટ્રસ્ટ ઉપર? એક તરફ અંબાજી મંદિર ટ્રસ્ટ મોહિની કેટરર્સની ડિપોઝિટ જપ્ત કરી રાખી છે, ત્યારે બીજી બાજુ અંબાજી મંદિર ટ્રસ્ટ મોહિનીનું લાઈસન્સ અને તેના બોક્સ કઈ રીતે પ્રસાદનો ઉપયોગ કરી શકે તે સવાલ ઉઠ્યો છે. વધેલા બોક્સનો ઉપયોગ થતો હોવાનો વહીવટદારે કર્યો દાવો હાલમાં મોહનથાળનો પ્રસાદ અંબાજી મંદિર ટ્રસ્ટ બનાવી રહ્યું છે. બીજી તરફ, મોહિની કેટરર્સનું ટેન્ડર રદ કર્યું છે, તો પણ છેલ્લા ૩૮ દિવસથી મોહિનીના બોક્સમાં જ અંબાજી મંદિર ટ્રસ્ટ પ્રસાદ વેચે છે. ઉલ્લેખનીય છે કે, ગત મહિને અંબાજીમાં પ્રસાદ માટે વપરાતા ઘીના નમુના ફેલ થતા ઉહાપોહ મચી ગયો હતો. જેથી આરોગ્ય વિભાગ દોડતું થયું હતું. ભાદરવી પૂનમના મેળામાં મોહનથાળ માફિયાઓએ ૪૮ લાખ ભક્તોની આસ્થા સાથે ચેડાં કર્યા હતા. ખરાબ ઘીમાંથી મોહનથાળનો પ્રસાદ બનાવીને મોહિની ગ્રુપે ૩૧ લાખ પેકેટ માઈભક્તોને પધરાવી દેવાયા હતા. મેળો પત્યા પછી ઘી ખરાબ હોવાનો રિપોર્ટ જાહેર કરાયો હતો. ખરાબ મોહનથાળનું ઘી અમદાવાદથી ખરીદાયું હોવાનો ઘટસ્ફોટ થયો હતો. બીજો મોટો ખુલાસો એ થયો કે, અમદાવાદના નીલકંઠ ટ્રેડર્સમાંથી આ નકલી ઘી ખરીદવામાં આવ્યું હતું. અંબાજીમાં અંદાજે ૩ હજાર કિલો ઘી જપ્ત કરવામાં આવ્યું હતું. જેના બાદ નિર્ણય લેવાયો કે, અંબાજીમાં હવે મંદિરના કર્મચારીઓ જ પ્રસાદ બનાવશે. ભેળસેળવાળો પ્રસાદ બનાવનાર મોહિની કેટર્સનો કોન્ટ્રાક્ટ ન રિન્યૂ ન કરાયો.

# મેરી અપની મંઝિલે, મેરી અપની દૌડ

ઈન્ફોસિસના કો-ફાઉન્ડર નારાયણ મૂર્તિએ એક કાર્યક્રમમાં કહ્યું કે ભારતની કાર્ય-ઉત્પાદકતા દુનિયામાં સૌથી ઓછી છે. જ્યાં સુધી આપણે પોતાની ઉત્પાદકતામાં સુધારો નહીં કરીએ ત્યાં સુધી દુનિયાના ભવ્ય પ્રગતિ જોનારા વિકસિત દેશો સાથે હરીફાઈ કરી શકીશું નહીં. નારાયણ મૂર્તિએ એવું પણ વિધાન કર્યું કે દેશના યુવાનોએ સપ્તાહના ૭૦ કલાક કામ કરવું જોઈએ. એટલે રોજના દસ કલાક કામ કરવું જોઈએ. તેમણે જર્મની અને જાપાનને ટાંકીને આ વિધાન કર્યું, જે દેશ બીજા વિશ્વયુદ્ધમાં સંપૂર્ણ ખુવાર થઈ ગયા બાદ સખત મહેનતથી અત્યારે વિકસિત દેશોની હરોળમાં છે. ખાસ કરીને જાપાનીઝ લોકોનું વર્ક કલ્ચર અપનાવવાની આડકતરી વાત કરી. સ્વાભાવિક છે કે આપણા દેશમાં આવી વાત કોઈ સેલિબ્રિટી કરે અને તેની ચર્ચા ન થાય? આ દેશ અડધો તો ચર્ચા એટલે કે ગામગપાટામાં જ સમય પસાર કરે છે! અહીં તો ચાય પે ચર્ચા અને એવી જાતજાતની પ્રયુક્તિઓ દ્વારા માત્ર વાક્કલાથી લોકોના મન પર રાજ કરી વર્ષો સુધી સત્તા પર પણ રહી શકાય છે. આપણે ત્યાં સંસ્કૃતમાં સરસ સુક્તિ છે 'વચનેષુ કિં દરિદ્રતામ્' એટલે કે બોલવામાં શું કામ કંગાલિયત રાખવી? બોલો, બોલતા જ રહો. ત્યાં સુધી કે સામેના માણસનું બ્રેઈન વોશ થઈ જાય. બોલે તેના બોર વેચાય કરી દરેક રાજકારણી પોતાની વાક્પટુતાના આધારે ચૂંટણીઓ જીતી જવા નીકળી પડે છે. ખેર, આ તો રાજનીતિની વાત થઈ. મૂળ વાત છે સપ્તાહમાં ૭૦ કલાક કામ કરવું જોઈએ એવી નારાયણમૂર્તિની સલાહની. દેશના ઘણા લોકો જે વર્કોહોલિક કેટેગરીમાં આવે છે તેમણે નારાયણમૂર્તિની વાતને ટેકો આપ્યો. જેમાં ઓલાના ભાવિશ અગ્રવાલ અને જેએસડબ્લ્યુ જૂથના સજ્જન જિંદલ જેવા ઉદ્યોગપતિઓએ ખૂલીને ટેકો આપ્યો. કોઈએ જુદી રીતે આ વાતને લીધી કે આ તો વ્યક્તિગત પસંદગીની બાબત છે, એને સ્થાપિત ધોરણનું સ્વરૂપ ન આપવું જોઈએ. રાધિકા ગુપ્તા અને એવી ઘણી બધી મહિલા ઉદ્યોગપતિએ એવું પણ કહ્યું કે ભારતીય મહિલાઓ સદીઓથી સપ્તાહના ૭૦ કલાકથી પણ વધુ કામ કરતી જ આવી છે. પરંતુ હજી સુધી કોઈએ મહિલાના યોગદાનની ચર્ચા નથી કરી. ખાસ કરીને ગૃહિણી અને વર્કિંગ વુમન એમ બેવડે મોરચે લડતી સ્ત્રીઓ કદાચ ૭૦ કલાકથી પણ વધુ કામ કરતી જ હશે, તેની નોંધ કદી લેવાતી નથી. ફેમિનિઝમની પણ ચર્ચર શરૂ થઈ ગઈ.

લાગતા-વળગતા સૌ અભિપ્રાય આપવા લાગી ગયા. કેટલાક નેટિઝન્સે મૂર્તિની ટિપ્પણીની ટીકા કરતાં કહ્યું કે સપ્તાહમાં ૭૦ કલાક કામ એ તો આધુનિક ગુલામી જેવું છે, જે કર્મચારીઓના વર્ક-લાઈફ બેલેન્સ માટે ઘાતક હશે. સવાલ છે કામની ગુણવત્તાનો, તમે ઓછો સમય આપી પ્રોડક્ટિવ કામ કરી શકો તો એ વધુ ફાયદામાં છે. વાત થઈ વર્ક કલ્ચરની, આખરે કર્મચારીની નિષ્ઠા જવાબદાર છે, આ બધી વાત જ અસ્થાને છે કે કેટલા કલાક કામ કરવું. આપણે સરકારી નોકરી એટલે કે ઘી-કેળાં એવું સાંભળીએ છીએ. આ બધા તો સરકારના જમાઈઓ છે એવું પણ સરકારી નોકરિયાત માટે કહેવાય છે. શા માટે આવું કહી છીએ કે સાંભળીએ છીએ તેનો પણ વિચાર કરવો જોઈએ. પ્રામાણિકતા કે વર્કિંગ પ્લેસ પરના એથિક્સ ઈનબિલ્ટ હોય છે. બહારથી તેમને થોપી શકાતા નથી. એક જ સંસ્થામાં નોકરી કરતા કર્મચારીઓના પોતાના આગવા વર્ક એથિક્સ હોય છે. કોઈ કર્મચારી પૂરી નિષ્ઠાથી નોકરી કરતો હોય તો કોઈ જલસાથી નોકરી જ કરતો હોય એવું પણ બની શકે. સરકારી કચેરીઓમાં કામ કરતા બાબુઓ રાજાપાઠમાં જ હોય છે. રિસેશના ટાઈમ પહેલાં રિસેશ પાડી દેવી અને રિસેશ પછી પણ આરામથી કામ પર આવવું એ એમનો અબાધિત અધિકાર બની જતો હોય છે. વર્કિંગ અવરના સમયે જ ઘરના બધા કામ જેવા કે લાઈટબિલ ભરવા જવું, શાક લઈ આવવું, બેંકનાં કામ કરવાં એ તો બહુ સહજ વાત થઈ. આવું ન કરી શકાય એવો તો સરકારી કર્મચારીઓને વિચાર પણ આવતો નથી. ઉલટાનો આ તો અમારો સ્વયંસિદ્ધ અધિકાર છે એવો રોફ મારતા ફરે છે. નોકરીના ટાઈમ સાચવવાના બદલે પોતાના ટાઈમ ટેબલ પ્રમાણે આવા કર્મચારીઓ ચાલતા હોય છે. કેટલાક કર્મચારીઓ સંસ્થામાં વિઝિટિંગ ફેકલ્ટી જેવા જ હોય છે. ખાસ કરીને શૈક્ષણિક સંસ્થાઓમાં કાર્યરત હોય અને રાજકીય પીઠબળ કે મેનેજમેન્ટના પહેલા ખોળાના હોય એવા કર્મચારીઓ પોતાની સંસ્થામાં ધૂમકેતુની જેમ દેખા દે છે. અને અન્યત્ર વિકાસ અર્થે કાર્યરત હોય છે.

આવું બનતું હોય ત્યારે સંસ્થામાં પ્રામાણિકતાથી કાર્ય કરતા કર્મચારીઓમાં કચવાટ ફેલાતો હોય છે. પરંતુ જમવામાં જગલો અને કૂટવામાં ભગલો ન્યાયે બધું ચાલતું રહે છે. નારાયણ મૂર્તિએ સપ્તાહના ૭૦ કલાક કામ કરવાની વાત કરી, જે ખુદને સાબિત કરી બતાવનારાઓને ગમી છે. તેઓ પોતાના બળે જ આગળ વધેલા છે. કોઈની લાગવગ કે સિફારીશથી નહીં પણ સંપૂર્ણપણે પોતાની જ ક્ષમતાથી આગળ વધેલા આત્મનિર્ભર સાહસિકો ૭૦ કલાકથી પણ વધુ કાર્યરત રહેતા હોય છે. ઈલોન મસ્ક જેવા તો દિવસના ૨૪ કલાક કામ કરો એવા તરંગી વિધાનો પણ કરતા રહે છે. જ્યાં સુધી લ-ય સિદ્ધ ન થાય ત્યાં સુધી ફોકસ રહીને કાર્ય કરતા રહેવું જોઈએ. કામચોરી ભારતીય લોકોની આદત બનતી જાય છે. કારણ વગરના ગામગપાટા કરી પોતાની અને બીજાની હેરાનગતિ ન જ કરવી જોઈએ એવું વર્ક એથિક્સ હોવું જ જોઈએ. ।પણે ત્યાં સરકારી નોકરીમાં નિષ્ઠાથી કામ કરનારને વેદિયાની ઉપાધિથી નવાજવામાં આવે છે. ફરજ પર ગાળિયાં કાઢી જનારા ખેપાની લોકો હોંશિયારની પદવી પ્રાપ્ત કરી લેતા હોય છે. સત્તા પર બેઠેલાની ચાપલૂસી કરનાર લોકોની આખા જમાત 'કામચોરી મેરા કામ'ના મંત્રના જાપ જપતી રહે છે. સપ્તાહમાં કેટલા કલાક કામ કરવું એ વ્યક્તિગત બાબત છે, પણ જે કંઈ કામ કરીએ તે પૂરી નિષ્ઠાથી કરીએ તો રાષ્ટ્ર માટે વધુ લાભદાયી છે. પસંદગી કરવી આપણા જ હાથમાં છે.

# પ્રદૂષણના મારથી હાંફતી રાજધાની

દેશની રાજધાની દિલ્હીની દિવસે દિવસે બગડતી વાયુ ગુણવત્તા પર સુપ્રીમ કોર્ટની દખલ વાજબી છે, સાથે જ આ મહાનગરના રહેવાસીઓ માટે આશ્વાસનરૂપ પણ છે કે હવે આ દિશામાં કોઈ ત્વરિત સચોટ કાર્યવાહી થઈ શકશે. હાલમાં વાયુ પ્રદૂષણને કારણે રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં જીવનારા, ખાસ કરીને શ્વાસની બીમારીઓથી પીડિત લોકોની જિંદગી મુશ્કેલ થઈ ગઈ છે. ધ્યાન આપો, વિશેષજ્ઞો શૂન્યથી ૫૦ અંકો સુધી વાયુ ગુણવત્તા સૂચકાંક (એક્યુઆઈ)ને સારો અને ૧૦૦ અંક સુધી સંતોષજનક માને છે. પરંતુ છેલ્લા કેટલાય દિવસોથી દિલ્હી અને નોઈડામાં એક્યુઆઈ ૩૦૦થી પણ વધુ નોંધવામાં આવી રહ્યો છે. આવનારા કેટલાક વધુ દિવસો સુધી એવી જ સ્થિતિની આશંકા વ્યક્ત થઈ રહી છે. એવામાં, રાજધાનીના વાયુ પ્રદૂષણના મામલાની સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે યોગ્ય રીતે જ દિલ્હી અને તેના પડોશી રાજ્યોને પૂછ્યું છે કે આખરે પ્રદૂષણ ઓછું કરવા માટે તેમણે કયાં કયાં પગલાં ભર્યાં છે? અદાલતે દિલ્હી, હરિયાણા, પંજાબ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાન પાસે એક અઠવાડિયામાં જવાબ માંગ્યો છે.

વાયુ પ્રદૂષણ એક એવી સમસ્યા છે, જેનાથી લગભગ બધા જ જીવો પ્રભાવિત છે. માણસો વચ્ચે પણ તે અમીરી-ગરીબી કે મજહબ-જાતિના આધાર પર કોઈની સાથે ભેદભાવ નથી કરતું, તેમ છતાં સરકારી પહેલથી નાગરિક જાગરુકતા સુધી તેને લઈને એક વિચિત્ર ઉદાસીનતા જોવા મળે છે. પરંતુ તેનો માર હાંશિયાના લોકો પર વધુ પડે છે, કારણ કે તેઓ ના તો 'એર પ્યૂરીફાયર' જેવા આધુનિક મોંઘા ઉપકરણોની મદદ લઈ શકે છે કે ના બીમાર પડવાની હાલતમાં જરૂરી સ્વાસ્થ્ય સેવાઓ સુધી તેમની આસાન પહોંચ છે. એવામાં, એક લોક કલ્યાણકારી રાજ્યની એ પ્રાથમિક જવાબદારી બની જાય છે કે તે હાંશિયાના લોકોનો ખ્યાલ રાખે. દેખીતું છે, સર્વોચ્ચ ન્યાયાલય આ જ કસોટી પર આ રાજ્યોની પહેલને પરખશે. હાલના વાયુ પ્રદૂષણ વિશે કહેવાઈ રહ્યું છે કે હવાની ધીમી રફતાર અને વધુ ભેજને કારણે આ સ્થિતિ બની છે. પરંતુ આ હવામાનમાં તો દર વર્ષે આ સ્થિતિ પેદા થાય છે અને આ તથ્યથી પ્રશાસન અને નાગરિક બંને હવે વાકેફ છે, છતાં આ સમસ્યા સતત પેદા થાય છે, તો વિચારવાની વાત છે.

આપણી પાસે એ વાતના ઠોસ પુરાવા મોજૂદ છે કે દુનિયાના કેટલાય દેશોએ શાસકીય પહેલ અને નાગરિક સહયોગથી ન માત્ર પોતાના મહાનગરોની વાયુ ગુણવત્તા સુધારી છે, બલ્કે કેટલાય દેશોએ તો દૂષિત નદીઓને નિર્મળ કરવામાં સફળતા હાંસલ કરી છે. આપણે અત્યાર સુધી પરાળ બાળવા અને નિર્માણ કાર્યો પર ખાસ અવધિમાં અપેક્ષિત રોક લગાવવાનું તંત્ર નથી વિકસિત કરી શક્યા. નિઃસંદેહ, વિકાસ પરિયોજનાઓ જરૂરી છે, પરંતુ જ્યારે ખબર છે કે આપણાં કેટલાંય શહેર દુનિયાના સૌથી પ્રદૂષિત શહેરોમાં ગણાતા રહ્યા છે, તો પણ શું આ મોરચે ગંભીર પહેલ માટે અદાલતી દખલની વાટ જોવી જોઈએ? દિલ્હીને ગયા વર્ષે દેશમાં સૌથી પ્રદૂષિત શહેર આંકવામાં આવ્યું હતું? આ દષ્ટિએ અનુમાન લગાવો કે જો ફટાકડા પર રોક ન લાગી હોત, તો દિવાળી અને ત્યારબાદના દિવસોમાં શું દિલ્હીની આબોહવા ચોખ્ખી થઈ જાય છે? રાજ્ય સરકારો નિશ્ચિતપણે સુપ્રીમ કોર્ટમાં પોતપોતાના તર્કો અને બહાનાઓ સાથે સોગંદનામા દાખલ કરશે, પરંતુ આ મુદ્દો દોષારોપણ કે બચાવનો નહીં સામુહિક પ્રયાસનો છે. પાંચ-છ રાજ્યોની કોશિશો એક ગાઢ આબાદીવાળા મહાનગરને શાંતિનો શ્વાસ આપી શકે છે, તો તેમણે આ કોશિશ અવશ્ય કરવી જોઈએ.

# યાત્રાધામ દ્વારકામાં દિપાવલી પર્વ પૂર્વે જગત મંદિર રોશનીથી ઝળહળી ઊઠયું





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૦

દ્વારકામાં આગામી દિપાવલી પર્વના તહેવારો શરૂ થઈ રહ્યા તે પૂર્વે મંદિર વ્યવસ્થાપન સમિતિ દ્વારા દ્વારકાધીશ જગતમંદિરને વિશિષ્ટ લાઈટિંગ ડેકોરેશનથી શણગારવામાં આવ્યું છે. જગતમંદિરની કલાત્મક લાઈટોથી સુશોભિત જગતમંદિર દ્વારકા આસપાસના ૧૦ કિમીના ત્રિજ્યાથી ઝળહળતું જોવા મળી રહ્યું છે. આગામી દિપાવલી પર્વના તહેવારોમાં મોટી સંખ્યામાં ભાવિકો દ્વારકામાં ઠાકોરજી સંગ નવા વર્ષની ઉજવણી અને વધામણા કરવામાં આવશે ત્યારે આ શણગારેલ મંદિરથી વિભીભૂત થશે.

# ભારત અને પાકિસ્તાન વચ્ચે સેમિફાઈનલ રમાઈ શકે ?




નવી દિલ્હી, તા.૧૦

આઈસીસી વનડે વર્લ્ડકપ ૨૦૨૩ ભારતમાં રમાઈ રહ્યો છે, અને અત્યારે રોહિત શર્માની આગેવાની વાળી ટીમ ઈન્ડિયા આ ટૂર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કરી રહી છે, અને ટીમ ઈન્ડિયા સેમિફાઈનલમાં પણ પહોંચી ચૂકી છે. પરંતુ આ બધાની વચ્ચે હવે સેમિફાઈનલમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ રમાય તેવા સંકેતો મળી રહ્યાં છે. આ વર્લ્ડકપમાં ભારત અને પાકિસ્તાન ફરી એકવાર ટકરાશે. આ પહેલા જ્યારે ટીમ ઈન્ડિયા ODI વર્લ્ડકપ ૨૦૧૧ની ફાઈનલમાં પહોંચી હતી ત્યારે સેમિફાઈનલમાં ભારતે પાકિસ્તાનને હરાવ્યું હતું. જાણો અહીં ભારત અને પાકિસ્તાન વચ્ચે વર્લ્ડકપની સેમિફાઈનલ મેચ કેવી રીતે રમાઈ શકે છે. ભારતીય ટીમે હાલમાં ૮માંથી તમામ ૮ મેચ જીતી છે, અને ૧૬ પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં ટોચ ઉપર બેઠી છે, જ્યાંથી હવે કોઈ અન્ય ટીમ તેને હટાવી શકશે નહીં, કારણ કે કોઈપણ ટીમ ૧૬ પોઈન્ટ મેળવી શકશે નહીં. આવામાં ટીમ ઈન્ડિયા પોઈન્ટ ટેબલમાં ટોપ ઉપર એટલે કે નંબર-૧ પર રહેશે તે નક્કી છે. વળી, સેમિફાઈનલમાં નંબર૧ ટીમનો મુકાબલો નંબર-૪ ટીમ સાથે થશે, જ્યારે નંબર-૨ ટીમની સેમિફાઈનલ મેચ નંબર-૩ ટીમ સાથે થશે, મતલબ કે એ નક્કી થઈ ગયું છે કે ભારતની સેમિ ફાઈનલ મેચ નંબર-૪ ટીમ સાથે થશે. હવે સવાલ એ છે કે કઈ ટીમ નંબર-૪ ઉપર રહી શકે છે. હાલમાં ન્યૂઝીલેન્ડની ટીમ નંબર-૪ ઉપર છે, જેના ૮ પોઈન્ટ છે. પાકિસ્તાન નંબર-૫ ઉપર છે, અને તેના પણ ૮ પોઈન્ટ છે, પરંતુ નેટ રન રેટ ન્યૂઝીલેન્ડ કરતા ખુબ ઓછો છે, જે તેના માટે ચિંતાનો વિષય છે. વળી, અફઘાનિસ્તાનની ટીમ નંબર-૬ ઉપર હાજર છે, અને તેની પાસે પણ ૮ પોઈન્ટ ઉપલબ્ધ છે, જ્યારે તેણે હજુ લીગ તબક્કાની બે બાકીની મેચ રમવાની છે. આવામાં જો અફઘાનિસ્તાન તેની બંને મેચ જીતી જશે તો પાકિસ્તાન સેમિફાઈનલમાં પ્રવેશ કરી શકશે નહીં. વળી, જો અફઘાનિસ્તાન બેમાંથી એક મેચ જીતે છે, અથવા બંને હારે છે, અને ન્યૂઝીલેન્ડ તેની બાકી રહેલી એકમાત્ર મેચમાં શ્રીલંકા સામે હારી જાય છે, અને પાકિસ્તાન તેની છેલ્લી લીગ મેચમાં ઈંગ્લેન્ડને હરાવશે, તો પાકિસ્તાન સેમિફાઈનલમાં પહોંચી શકે છે. છે. જો આમ થશે તો ચોક્કસપણે પાકિસ્તાનની ટીમ નંબર-૪ ઉપર પહોંચી જશે, અને પછી તેની સેમિફાઈનલ મેચ ભારત સામે થશે.

# કોહલીની કુલ સંપત્તિ લગભગ ૧૫૦૦ કરોડ રૂપિયા જેટલી છે

નવી દિલ્હી, તા.૧૦

વિરાટ કોહલીએ ૨૦૦૮માં ભારત માટે પોતાની કારકિર્દીની શરૂઆત કર્યા બાદ છેલ્લા ૧૫ વર્ષમાં એટલું બધું મેળવ્યું છે કે, કોઈને પણ તેના પ્રત્યે ઈર્ષ્યા થાય. ત્યારે આજે અમે તમને કોહલીની નેટવર્થ, તેની કમાણી અને કાર કલેક્શન સહિતની મહત્ત્વની જાણકારી આપી રહ્યા છીએ. અલગ-અલગ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, વિરાટ કોહલીની કુલ સંપત્તિ લગભગ ૧૫૦૦ કરોડ રૂપિયા જેટલી છે, જેમાં તેને ક્રિકેટમાંથી મળતી ૧.૩૦ કરોડ રૂપિયાની માસિક આવકનો પણ સમાવેશ થાય છે. તેમજ કોહલી જીમ ચેન ચિસેલ અને તેની ફેશન બ્રાન્ડ રોંગમાંથી પણ કમાણી કરે છે. ક્રિકેટમાંથી માસિક કમાણી હોવા ઉપરાંત કોહલીને BCCI પાસેથી પ્રતિ ટેસ્ટ મેચના રૂા.૧૫ લાખ, પ્રતિ ODI મેચના રૂા.૬ લાખ અને પ્રતિ ૨૦ મેચના રૂા.૩ લાખ મળે છે. કોહલી પાસે એવી ઘણી મોટી બ્રાન્ડ્સ છે, જેની પાસેથી તેઓ ઘણા પૈસા વસૂલે છે. જણાવી દઈએ કે, કોહલી પાસે હાલ લગભગ ૩૫થી ૪૦ બ્રાન્ડ્સ છે અને મળતી માહિતી અનુસાર, કોહલી પ્રતિ એડવર્ટાઈઝમેન્ટ વર્ષમાં ૭થી ૧૦ કરોડ રૂપિયા વસૂલે છે. એટલે કે કોહલી એક વર્ષમાં લગભગ ૨૫૦થી ૩૦૦ કરોડ રૂપિયા માત્ર એડવર્ટાઈઝમેન્ટમાંથી જ કમાઈ લે છે. કોહલી પાસે તેના ઘણા ઘર છે. વર્ષ ૨૦૧૬માં કોહલીએ પત્ની અનુષ્કા સાથે મળીને પ્રોપર્ટી ખરીદી હતી. તેમજ તેણે ગુડગાંવમાં કેટલાક મકાનોમાં રોકાણ કર્યું છે. DLF VuÍ-1માં વિરાટ કોહલી એક મોટું ઘર ધરાવે છે. વિરાટ કોહલીની પ્રોપર્ટીમાં તેણે મુંબઈના વર્લી ડિસ્ટ્રિક્ટમાં ઓમકાર ૧૯૭૩ બિલ્ડિંગમાં ખરીદેલું મોંઘું એપાર્ટમેન્ટ પણ સામેલ છે. તેના મુંબઈના ઘરની કિંમત ૩૪ કરોડ રૂપિયા છે, જ્યારે વિરાટના ગુડગાંવ ખાતેના ઘરની કિંમત ૮૦ કરોડ રૂપિયા છે. આપણે સૌ જાણીએ છીએ કે, વિરાટ કોહલીને કાર ખૂબ જ પસંદ છે. કોહલીએ ઓછા સમયમાં ઘણી બધી કાર ખરીદી છે. તેના કાર કલેક્શનમાં ઓડી R8 V10પલ્સ (૨.૧૭કરોડ), ઓડી R8LMX (૧.૫૮ કરોડ), ઓડી Q8 (૧.૩૩ કરોડ), Q7 (૬૯ લાખ), ઓડી RS5 (૧.૧૩ કરોડ), ઓડી ૫ (૭૫ લાખ), રેનોલ્ટ ડસ્ટર (૨.૧૧ કરોડ), ટોયોટા ફોર્ચ્યુનર, રેન્જ રોવર વોગ (૨.૧૧ કરોડ), બેન્ટલી કોન્ટિનેંટલ જીટી અને ફ્લાઈ સ્પર (૧.૭૦ કરોડ)નો સમાવેશ થાય છે.

# ગુજરાતમાં વિદેશી મહિલા આંતરરાજ્ય બસમાંથી રૂા.ચાર કરોડના ડ્રગ્સ સાથે ઝડપાઈ

અમદાવાદ,તા.૧૦

ગુજરાતમાંથી અવારનવાર ડ્રગ્સ ઝડપાવવાની ઘટના બને છે. ડ્રગ્સને લઈ તંત્ર દ્વારા સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે અને પોલીસ વિભાગ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. બનસકાંઠાના અમીરગઢ બોર્ડર પરથી એલસીબી અને એસઓજીની ટીમે બાતમીના આધારે રૂા.ચાર કરોડનું ડ્રગ્સ ઝડપી પાડ્યું છે. આ અંગેની માહિતી અનુસાર પોલીસને ટીમને માહિતી મળી હતી કે એક વિદેશી મહિલા કરોડો રૂપિયાના ડ્રગ્સ સાથે બસમાં મુસાફરી કરી રહી છે. દિલ્હીથી મુંબઈ જઈ રહેલી લક્ઝરી બસમાં વિદેશી મહિલા મુંબઈ ખાતે ડ્રગ્સ લઈ જઈ રહી હતી. એલસીબીએ મહિલા પાસેથી મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# રાજ્યમાં ભેળસેળ કરનારાઓની હવે ખેર નથી : સતત દરોડા જારી રહેશે

## ટેસ્ટિંગ વધારવા, માત્ર તહેવારોમાં જ નહીં પરંતુ વર્ષ દરમ્યાન જારી રાખવા અપાઈ સૂચના

ગાંધીનગર, તા.૧૦

રાજ્ય સરકાર દ્વારા ભેળસેળીયા વેપારીઓ સામે કડક કાર્યવાહી કરવાનો નિર્ણય કર્યો છે. કેબિનેટની બેઠકમાં ખાદ્ય પદાર્થમાં ભેળસેળનો મુદ્દો ચર્ચાયો હતો. માત્ર તહેવારો નહીં સામાન્ય દિવસોમાં પણ દરોડા પડશે. રાજ્યમાં વધતા જતા ભેળસેળના બનાવોની નોંધ લેતા સરકારે ખાસ ચર્ચા કરી હતી. ફૂડ ચકાસણી બાદ ટૂંકા સમયમાં રિપોર્ટ આવે તેવી મુખ્યમંત્રી દ્વારા સૂચનાં પણ આપવામાં આવી હતી. બિનઆરોગ્યપ્રદ ખોરાક માટે મુહીમ ચલાવવા તથા ગ્રાહકોનાં આરોગ્ય સાથે ચેડા કરનારા વેપારીઓને દંડવાની સૂચનાઓ જારી કરવામાં આવી છે. આ બાબતે સરકારનાં પ્રવક્તા ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, લોકોનાં આરોગ્ય સાથે ચેડા ન થાય. અને વેપારીઓ વધારે નફાની લાલચમાં બનાવટી, મિલાવટી ખાદ્ય પદાર્થોની મિલાવટ સાથેની મીઠાઈઓ કે ફરસાણ ન બનાવે તેની કાળજી લેતા હોય છે. વર્ષ દરમ્યાન આ પ્રક્રિયા સતત ચાલતી હોય છે. ત્યારે તહેવાર દરમ્યાન જ કરવામાં આવતું ચેકીંગ હવે સતત વર્ષ દરમ્યાન ચાલતી રાખવી તેવું મુખ્યમંત્રીએ કહ્યું હતું. તેમજ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા જેટલી પણ મશીનરી, સાધનો છે. તેનો ઉપયોગ કરી ચકાસણી થાય. અને ચકાસણી થયા બાદ ખૂબ ટૂંકા ગાળામાં એનાં પરીક્ષણો પણ આવી જાય. અને તે પરીક્ષણો આપ્યા પછી તે નમૂનાઓનું રિઝલ્ટ મળ્યા પછી ઝડપથી કાર્યવાહી કરી દંડ તેમજ જે કંઈ પણ સજાની જોગવાઈઓ છે. તેનો અમલ તુરંત થાય એ બાબતની એમને સૂચના આપી છે. આમ સરકારની કેબિનેટની બેઠકમાં ભેળસેળને લઈને વિવિધ મુદ્દા ચર્ચાયા હતા. જેમાં ખાસ અગત્યનો મુદ્દો નકલી ખાણી-પીણીની ચીજો તથા ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થોનો હતો. ખુદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ મામલે જાહેર જનતાના આરોગ્યની ચિંતા વ્યક્ત કરી તેમણે ટેસ્ટિંગ વધારવાના અને તે સતત જારી રાખવાના નિર્દેશો આપ્યા હતા અને જણાવ્યું હતું કે રાજયમાં ભેળસેળ કરનારા તત્વોને કડકમાં કડક સજા કરવામાં આવશે લોકોના આરોગ્ય સાથે ચેડા કરનારા તત્વો સાનમાં સમજી જાય. એટલે હવે રાજ્યભરમાં ભેળસેળ કરનારા ઉપર આગામી દિવસોમાં તવાઈ આવશે તેમ મનાય છે.

## વાયબ્રન્ટ સમિટ ૨૦૨૪ અંતર્ગત લખનૌમાં યોજાયો રોડ-શો

# ૨૧મી સદીમાં ગુજરાતે ઔદ્યોગિક-માઈનિંગ ઈકો સિસ્ટમ તરીકે ઓળખ વિકસિત કરી છે

ગાંધીનગર, તા.૧૦

નવી દિલ્હીમાં કર્ટેન રેઈઝર ઈવેન્ટની સફળતા બાદ, મુંબઈ, ચંદીગઢ, કોલકાતા, ચેન્નાઈ, જાપાન, યુરોપ, સિંગાપોર, ઓસ્ટ્રેલિયા, વિયેતનામ અને દક્ષિણ કોરિયામાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રોડ-શો પછી, વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૨૪ પ્રતિનિધિમંડળે સફળતાપૂર્વક લખનઉ રોડ શોનું સમાપન કર્યું. ગુજરાત સરકારના આરોગ્ય ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, કાયદા મંત્રી ઋષિકેશ પટેલે આ રોડ શોનું નેતૃત્વ કર્યું. લખનઉ રોડ શોમાં ગુજરાતના માનનીય મંત્રીએ વિવિધ સંસ્થાઓના વડાઓ સાથે વન-ટુ-વન મીટિંગો કરી હતી જેમાં, આરએસપીએલ ગ્રુપના સીઈઓ ટીંકુ છાબરા, વી ગાર્ડના સીઓઓ રામચંદ્રન વેંકટરામન, સનસોર્સ એનર્જીના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ પંકજ વર્મા, લ્યુમિનસના એમડી અને સીઈઓ પ્રીતિ બજાજ, ફેલિક્સ હોસ્પિટલના ચેરમેન ડો. ડી.કે. ગુપ્તા, એરિશા ઈ મોબિલિટી પ્રા.લિ.ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પરમિન્દર સિંહ બાવેજા, કેડિલા ફાર્માસ્યુટિકલ્સના કોર્પોરેટ અફેર્સના પ્રમુખ રાજ પ્રકાશ વ્યાસનો સમાવેશ થાય છે. એસોચેમ ગુજરાત કાઉન્સિલના ચેરમેન ચિંતન ઠાકરે સ્વાગત પ્રવચન સાથે રોડ શોની શરૂઆત કરી હતી. તે બાદ ઉત્તર પ્રદેશ સરકારના ઔદ્યોગિક વિકાસ, એક્સપોર્ટ પ્રમોશન, NRI, ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશનના મંત્રી નંદ ગોપાલ ગુપ્તાએ સંબોધન કર્યું. વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૨૪ પ્રમોશનલ ફિલ્મનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું તેમજ ગુજરાત સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અગ્ર સચિવ IAS મમતા વર્મા દ્વારા ગુજરાતમાં રહેલી બિઝનેસની તકો ઉપર એક પ્રેઝન્ટેશન પણ આપવામાં આવ્યું. ત્યાર બાદ હિરીસે હોસ્પિટાલિટી પ્રા.લિ.ના મેનેજિંગ ડિરેક્ટર તન્મય બથવાલ, કેડિલા ફાર્માસ્યુટિકલ્સના પ્રેસિડેન્ટ રાજ પ્રકાશ વ્યાસ, રેડિંગ્ટન ગ્રુપના લાર્જ પ્રોજેક્ટ્સના જનરલ મેનેજર સંગીત ટંડન સાથે ગુજરાતમાં તેમના અનુભવોને શેર કરવા માટે એક એક્સપિરિયન્સ શેરિંગ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. સભાને સંબોધતા મંત્રી ઋષિકેશ પટેલે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું મહત્વ અને વર્ષોથી તેનો વિકાસ કેવી રીતે થયો છે તેના ઉપર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યુ કે, “આજના સંદર્ભમાં ભૌગોલિક રીતે એકબીજાથી દૂર હોવા છતાં ગુજરાત અને ઉત્તરપ્રદેશ ઘણા મુખ્ય પાસાઓ ઉપર મજબૂત રીતે જોડાયેલા છે. તેમણે કહ્યું, “વાયબ્રન્ટ ગુજરાતની સફળતા તેની વિકાસયાત્રા ઉપરથી પણ સમજી શકાય છે. વર્ષ ૨૦૦૩માં, લગભગ ૧૦૦ જેટલાં જ સહભાગીઓ અને પ્રતિનિધિઓ આ સમિટ સાથે જોડાયા હતા. આ સમિટમાં ૪૨,૦૦૦થી વધુ સહભાગીઓ અને પ્રતિનિધિઓ તથા લગભગ ૧૩૫ દેશો તેમાં ભાગ લે છે.’’ તેમણે જણાવ્યું હતું કે, “ગુજરાત રાજ્ય વેપારની સાથે સાથે કૃષિ અને નાણા ક્ષેત્રનું પણ હબ બન્યું છે. ૨૧મી સદીમાં ગુજરાતે પોતાની ઓળખ ઔદ્યોગિક અને માઈનિંગ ઈકોસિસ્ટમ તરીકે વિકસિત કરી છે.’’ તેમણે ઉમેર્યું કે, “અસરકારક નીતિ ઘડતર અને કાર્યક્ષમ પ્રોજેક્ટ અમલીકરણ દ્વારા છેલ્લા બે દાયકામાં રાજયએ વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે, જેમ કે ગુજરાતના ઓટોમોબાઈલ ક્ષેત્રમાં રોકાણ જે ૨૦ વર્ષ પહેલાની સરખામણીમાં ૯ ગણું વધ્યુ છે. વધુમાં, દેશમાં ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગોમાં રોકાણમાં ગુજરાતનો હિસ્સો આજે સૌથી વધુ છે; ગુજરાતમાં ૩૦,૦૦૦થી વધુ ફૂડ પ્રોસેસિંગ યુનિટ ચાલી રહ્યા છે. આ ઉપરાંત, ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં, મેડિકલ દવાઓના ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો ૫૦ ટકાથી વધુ છે અને કાર્ડિયાક ટ્યુબના ઉત્પાદનમાં લગભગ ૮૦ ટકા છે. જેમ્સ એન્ડ જ્વેલરી ઉદ્યોગમાં ગુજરાતની સફળતા અદ્ભુત છે. વિશ્વના પ્રોસેસ્ડ હીરામાંથી ૭૦ ટકાથી વધુ ગુજરાતમાં જોવા મળે છે. ભારતની હીરાની નિકાસમાં ગુજરાતનો ફાળો ૮૦ ટકા છે.

# રાજકીય પક્ષોને ગુપ્ત રીતે અમર્યાદિત દાન આપતા ચૂંટણી બોન્ડ ઉપર પ્રતિબંધ મૂકવાનો સમય આવી ગયો છે

નવી દિલ્હી તા.૧૦

સુપ્રીમ કોર્ટે ઈલેક્ટોરલ બોન્ડ અંગેની સુનાવણી પૂર્ણ કરી લીધી છે અને આશા છે કે આ સંબંધમાં ટૂંક સમયમાં ચુકાદો આવશે. આશા એટલા માટે છે કારણ કે આ યોજના પ્રકાશમાં આવ્યાને છ વર્ષ થઈ ગયા છે. આ યોજનાની જાહેરાત સૌપ્રથમવાર ૨૦૧૭ના બજેટમાં કરવામાં આવી હતી. ઘણા વાચકોને બોન્ડના બેક-ગ્રાઉન્ડની ખબર નહીં હોય કે આ યોજના શું છે ? આ લેખમાં આપણે આ યોજનાને સમજાવવાનો પ્રયત્ન કરીશું. સારાંશમાં આ યોજના દ્વારા કોઈપણ નોંધાયેલ રાજકીય પક્ષ અમર્યાદિત અનામી દાન મેળવી શકે છે. આ યોજના હેઠળ વિદેશી સરકારો, ગુનાહિત જૂથો અને કોર્પોરેટ સહિત કોઈપણ જે રાજકીય પક્ષોને પ્રભાવિત કરી શકે છે તે રાજકીય પક્ષોને નાણાં આપી શકે છે અને રાજકીય પક્ષ તેમનું નામ જાણ્યા વગર કે જાહેર કર્યા વિના આ પૈસા સ્વીકારી શકે છે. આ રીતે રાજકીય પક્ષોને બેનામી પૈસા આપવાની પ્રક્રિયાને સરળ બનાવવામાં આવી. આ બોન્ડની કિંમત એક કરોડ રૂપિયા સુધીની છે અને સ્ટેટ બેંકની વિવિધ શહેરોમાં સ્થિત ૨૯ શાખાઓ દ્વારા તેનું વેચાણ કરવામાં આવે છે. કોઈપણ વ્યક્તિ અથવા દાતા તેમને બેંકમાંથી ખરીદી શકે છે અને રાજકીય પક્ષ અથવા તેમની પસંદગીના વ્યક્તિને આપી શકે છે. જે તેને બેંકમાંથી રોકડ કરી શકે છે. તેની વેલિડિટી ૧૫ દિવસની હોય છે. આ યોજના જે રીતે લાગુ કરવામાં આવી છે તેનાથી આપણને આંચકો લાગવો જોઈએ કારણ કે તેમાં કંઈક તો જ બરાબર નથી. ૨૦૧૭માં બજેટના ચાર દિવસ પહેલા એક અધિકારીએ તત્કાલિન નાણા પ્રધાન અરૂણ જેટલીના બજેટ ભાષણ ઉપર નજર નાખી અને જોયું કે આટલા મોટા પાયે રાજકીય પક્ષોને ચૂંટણી દાન આપવાની પ્રક્રિયામાં ફેરફાર કરવા માટે આર.બી.આઈ.ની મંજૂરી જરૂરી છે કારણ કે ચૂંટણી બોન્ડ લાગુ કરવા માટે આર.બી.આઈ. એક્ટમાં ફેરફાર કરવો જરૂરી હતો અને સરકારને તો તેની ખબર પણ ન હતી. આ અધિકારીએ સંબંધિત અધિનિયમમાં સુધારાનો ડ્રાફ્ટ તૈયાર કરીને ફાઈલ પોતાના ઉચ્ચ અધિકારીને મોકલી આપી જેથી નાણામંત્રી તેને જોઈ શકે. તે જ દિવસે શનિવાર, જાન્યુઆરી ૨૮, ૨૦૧૭ R.B.I.ને તેની ટિપ્પણી માંગવા માટે પાંચ લાઈનનો ઈ-મેઈલ મોકલવામાં આવ્યો હતો. સોમવારે ૩૦ જાન્યુઆરીએ જવાબ આવ્યો. આર.બી.આઈ.એ કહ્યું કે આ એક ખોટો વિચાર છે કારણ કે તે આર.બી.આઈ.ની સત્તાની વિરુદ્ધ છે જેમાં તેની પાસે બોન્ડ (એટલે કે રોકડ) જારી કરવાનો એકમાત્ર અધિકાર છે. કારણ કે આ બોન્ડ્સ અનામી છે બોન્ડ એક પ્રકારનું ચલણ જ થઈ જશે,જેના કારણે દેશના ચલણ ઉપર લોકોનો વિશ્વાસ ઘટશે. આ મુદ્દા પર આર.બી.આઈ. સ્પષ્ટ હતું: "આને લાગુ કરવા માટે કાયદામાં સુધારો કરવાથી કેન્દ્રીય બેંકિંગ કાયદાના મૂળભૂત સિદ્ધાંતને ગંભીરપણે નબળી પાડશે અને આમ કરવાથી એક ખરાબ દાખલો બેસશે." આર.બી.આઈ.એ બીજો વાંધો ઉઠાવ્યો. બીજો વાંધો એ હતો કે પારદર્શિતાનો ઈચ્છિત ઉદ્દેશ્ય પણ હાંસલ કરી શકાતો નથી કારણ કે બોન્ડના મૂળ ખરીદનારે પક્ષ માટે પ્રમાણિક યોગદાન આપનાર હોવો જરૂરી નથી.’ આર.બી.આઈ.એ આગળ જણાવ્યું કે જો વ્યક્તિ છ બોન્ડ ખરીદે છે અને પછી તેને ફેસ વેલ્યુ ઉપર વેચે છે અથવા જો વિદેશી સરકાર સહિત કોઈપણ એકમને વેચી નાખે તે કરતાં વધુ રકમમાં વેચવામાં આવે, તો તે એકમ કોઈપણ પક્ષને ભેટ આપી શકે છે. બેનામી બોન્ડ રોકડ જેવા જ છે. ‘ઈલેક્ટોરલ બોન્ડ વાસ્તવમાં બેરર બોન્ડ છે અને તેને ડિલિવરી દ્વારા ટ્રાન્સફર કરી શકાય છે તેથી રાજકીય પક્ષને ખરેખર ખબર નહીં પડે કે બોન્ડ કોણ ડિલિવરી કરી રહ્યું છે.’ R.B.I.એ જે છેલ્લો મુદ્દો બનાવ્યો હતો તે એ હતો કે ચૂંટણી બોન્ડ યોજનામાં જે પણ પ્રસ્તાવિત છે તે રાજકીય પક્ષોને બેંક ખાતામાંથી ચેક, ડ્રાફ્ટ અથવા બેંક ટ્રાન્સફર દ્વારા આપી શકાય છે. આવી સ્થિતિમાં ઈલેક્ટોરલ બોન્ડ બનાવવાની કોઈ ખાસ જરૂર નથી કે કોઈ ફાયદો નથી, ખાસ કરીને સ્થાપિત આંતરરાષ્ટ્રીય પ્રણાલીઓથી આગળ જઈને આમ કરવું. અમલદારશાહી દ્વારા આ યોજના પસાર કરાવવાનો શ્રેય જે વ્યક્તિને આપવામાં આવે છે તે હસમુખ અઢિયા છે. હસમુખ અઢિયા ગુજરાતના આઈ.એ.એસ. અધિકારી છે અને તેમણે યોગમાં પી.એચ.ડી. કર્યું છે. (અગાઉ, તેમણે G.S.T. બિલમાં ભૂમિકા ભજવી હતી અને નિવૃત્તિ પછી, તેમને બેંક ઓફ બરોડાના ચેરમેન અને ત્યારબાદ ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટીના ચાન્સેલર બનાવવામાં આવ્યા હતા.) તેમણે બે આધારો ઉપર આર.બી.આઈ.ના વાંધાઓને



ફગાવી દીધા હતા. પ્રથમ આધાર ઉપર, તેમણે કહ્યું, મને એવું લાગે છે કે આર.બી.આઈ.એ પ્રી-પેઈડ પ્રીપેઈડ ઈન્સ્ટ્રુમેન્ટ્સ (બેંક ડ્રાફ્ટ વગેરે. એડવાન્સ પૈસા ચૂકવીને ખરીદેલા) રાખવાની પ્રસ્તાવિત સિસ્ટમને સમજી નથી. દાતાનું રહસ્ય, જ્યારે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું છે કે દાન વ્યક્તિના સંપૂર્ણ ટેક્સ ચૂકવેલા નાણાંમાંથી જ કરવામાં આવશે. આનો અર્થ એ થયો કે મૂળ ખરીદનારને તેના અધિકૃત ખાતા દ્વારા બોન્ડ પ્રાપ્ત કરવાના હતા, આનાથી દાન કાયદેસર બન્યું. તે આર.બી.આઈ.ના ચોક્કસ વાંધાઓનો જવાબ ન હતો.

અઢિયાએ કહ્યું કે આ બોન્ડને એનકેશ કરવા માટે ૧૫ દિવસની વેલિડિટી આર.બી.આઈ.ની માર્ગદર્શિકા મુજબ છે, તે શંકા પણ દૂર કરશે, પરંતુ તે કેવી રીતે તે ના જણાવ્યું. અઢિયાએ બીજી વાત કહી કે આ ઉપરાંત, આ સલાહ ખૂબ મોડી આવી છે કારણ કે ફાઈનાન્સ બિલ પહેલેથી જ પ્રકાશિત થઈ ગયું છે. જો કે આર.બી.આઈ.ને મોકલવામાં આવેલા મેઈલનો જવાબ થોડા કલાકોમાં આવી ગયો હતો અને તે R.B.I.ની ભૂલ નથી કે આ બાબતે અગાઉ સલાહ લેવામાં આવી ન હતી. આ સ્પષ્ટપણે છેતરપિંડી હતી પરંતુ અધઢિયાએ તેનો અર્થ એવો કર્યો કે તેથી અમે અમારી દરખાસ્ત સાથે આગળ વધી શકીએ છીએ. તેમના સહાયક અને તત્કાલીન આર્થિક બાબતોના સચિવ તપન રે એ જ દિવસે અઢિયા સાથે સંમત થયા અને બુધવાર, ૧ ફેબ્રુઆરીએ જેટલીએ આ યોજનાની જાહેરાત કરી જે બજેટ પસાર થતાં જ કાયદો બની ગઈ. હફિંગ્ટન પોસ્ટના પત્રકાર નીતિન સેઠી (જે આર.ટી.આઈ. કાર્યકર્તા કોમોડોર લોકેશ બત્રા દ્વારા મેળવેલા દસ્તાવેજોના આધારે ઈલેક્ટોરલ બોન્ડ ઉપર છ ભાગનો તપાસ અહેવાલ પ્રકાશિત કરે છે) દ્વારા પૂછવામાં આવ્યું કે સરકારે શા માટે આર.બી.આઈ.ના વાંધાઓની અવગણના કરી ત્યારે નાણા મંત્રાલયનો જવાબ હતો કે તેમણે આ નિર્ણય સદભાવના અને વ્યાપક જાહેર હિતમાં લીધો છે. જે સમયે આ અંગેનો કાયદો પસાર થયો હતો તે સમયે તેના વિશે વધુ માહિતી જાહેર કરવામાં આવી ન હતી. આ વિગતો જૂન ૨૦૧૭માં જાહેર કરવામાં આવી હતી જ્યારે તપન રેએ જણાવ્યું હતું કે બોન્ડ કેવી રીતે કાર્ય કરશે, "બોન્ડ ખરીદનાર અને બોન્ડ મેળવનારની ગુપ્તતા જારી કરનાર બેંક દ્વારા ગુપ્ત રાખવામાં આવશે. આ વિગતો આર.ટી.આઈ.ના દાયરાની બહાર રહેશે." (૨૦૧૮માં તેમની નિવૃત્તિ બાદ રેને સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના ચેરમેન બનાવવામાં આવ્યા હતા અને ત્યારબાદ ૨૦૧૯માં તેમને ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેકસિટીના CEO અને મેનેજિંગ ડિરેક્ટર બનાવવામાં આવ્યા હતા.) ઈલેક્ટોરલ બોન્ડ સ્કીમને ખતરનાક ગણાવનારી બીજી સ્વાયત્ત સંસ્થા, ભારતનું ચૂંટણી પંચ હતું. સુપ્રીમ કોર્ટમાં આપેલા સોગંદનામામાં ચૂંટણી પંચે કહ્યું છે કે રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી બોન્ડ દ્વારા મળેલા દાનના અહેવાલને છુપાવવાથી ‘રાજકીય પક્ષોના રાજકીય ભંડોળના પારદર્શિતાના પાસાને ગંભીર અસર થશે. આ બધું હોવા છતાં ભારતીય રાજકારણને છેલ્લા છ વર્ષથી ગુપ્ત રીતે બેનામી નાણાં મેળવે છે. આ જ ખરો સમય છે કે આની ઉપર પ્રતિબંધ મૂકી દેવામાં આવવો જોઈએ.

# જૂનાગઢમાં ન્યુ નોવેલ્ટી ફર્નીચરનો મેગા ડ્રો યોજાયો

## રૂા.૧૫.૫૧ લાખના વિવિધ ઈનામો ગ્રાહકોને અપાયા : આ સાથે જ નવી ૩ બચત યોજનાઓનો પણ શુભારંભ થયો




જૂનાગઢ તા. ૧૦

જૂનાગઢ શહેરમાં છેલ્લા ૪૯ વર્ષથી વિશિષ્ટ સ્થાન ધરાવતા ન્યુ નોવેલ્ટી ફર્નીચરનો મેગા ડ્રો ૨૦૨૩ શાનદાર રીતે યોજવામાં આવ્યો હતો. ગ્રાહકોને પરવડે તેવી આજના સમયમાં અનેક સ્કીમો ન્યુ નોવેલ્ટી ફર્નીચર દ્વારા મુકવામાં આવી છે અને જેનો જૂનાગઢ શહેરની જનતા લાભ લઈ રહી છે. ગ્રાહકોને દિવસે ને દિવસો વધુ સારી આકર્ષક યોજનાનો લાભ મળે તે માટે ન્યુ નોવેલ્ટી ફર્નીચર દ્વારા આયોજન કરવામાં આવેલ છે. તાજેતરમાં યોજાયેલા ન્યુ નોવેલ્ટી ફર્નીચરના મેગા ડ્રોના કાર્યક્રમમાં ઉપસ્થિત ગ્રાહકોને રૂા.૧૫.૫૧ લાખના વિવિધ ઈનામોથી નવાઝવામાં આવ્યા હતા.

વૈશ્વિક કક્ષાના તમામ પ્રકારના ફર્નીચરની અવનવી વિશાળ રેન્જ સાથે છેલ્લા ૪૯ વર્ષથી સમગ્ર સૌરાષ્ટ્રના પરિવારોમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરનાર જૂનાગઢના ન્યુ નોવેલ્ટી ફર્નીચરનો વાર્ષિક મેગા ડ્રો – ૨૦૨૭ યોજાયો હતો. આ તકે ગ્રાહકોને રૂા.૧૫.૫૧ લાખના વિવિધ ઈનામો આપી સન્માનિત કરાયા હતા. સૌરાષ્ટ્રના સેંકડો પરિવારો સાથે પેઢી દર પેઢી નાતો ધરાવી અતુટ વિશ્વાસ સાથે પાંચ દશકાથી જોડાયેલ ન્યુ નોવેલ્ટી ફર્નીચરના મેનેજમેન્ટે માય કાર્ડનું પણ લોન્ચીંગ કર્યું હતું. આ કાર્ડથી ગ્રાહકોને ખરીદીમાં ફાયદો મળવા સાથે રોકડેથી ખરીદી કરવા કરતા ન્યુ નોવેલ્ટી ફર્નીચરના સભ્ય બનીને ખરીદી કરવાથી વિશેષ લાભ મળે છે તેમ ડ્રો માં જાહેર કરાયું હતું. ડ્રો અંતર્ગત યોજાયેલ સમારોહમાં મોટી સંખ્યામાં ગ્રાહકો ઉપસ્થિત રહ્યા હતાં. તેમને સંબોધતા ન્યુ નોવેલ્ટી ફર્નીચરના હરેશભાઈ ગોંધવાણીએ જણાવ્યુ હતું કે ન્યુ નોવેલ્ટી ફરનીચર સાથે પાંચ દશકાથી પેઢી દર પેઢી જોડાયેલા ગ્રાહકો અને તેમના પરિવારોએ અમારા ઉપર વિશ્વાસ મુક્યો છે તેની અમોને ખુશી છે તેમ જણાવી તેમણે ગ્રાહકો જ સર્વોપરી હોવાનું જણાવ્યુ હતું. આ વર્ષના ડ્રો માં રૂા.૧૫,૫૧,૦૦૦ ના વિવિધ ઈનામો સાથે અનેક ગ્રાહકોને શુભેચ્છારૂપે પણ ઈનામો અપાયા હતા અને ૩ નવી યોજનાઓનો પ્રારંભ કરાયો હતો. આ મેગા ડ્રો નું ફેસબુક, યુ-ટ્યુબ તેમજ G.T.PL. કેબલ દ્વારા લાઈવ પ્રસારણ કરાયુ હતું. જેને ૩૫ હજારથી વધુ ગ્રાહકોએ ઘરેબેઠા લાઈવ નિહાળ્યું હતું. આ મેગા ડ્રોમાં વિવિધ ક્ષેત્રોના આગેવાનો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં. આ અગ્રણીઓના હસ્તે વિવિધ સ્કીમના વિજેતા ગ્રાહકો તેમજ ઉપસ્થિત અનેક ગ્રાહકોને શુભેચ્છા ઈનામો આપી સન્માનિત કરાયા હતાં. કોઈપણ પ્રકારના ગૃહ ઉપયોગી કે વ્યવસાયિક ઉપયોગી ફર્નીચરની ખરીદી માટે ગ્રાહકોને અનુકુળતા રહે તે માટે ન્યુ નોવેલ્ટી ફર્નીચર દ્વારા બજાજ ફાયનાન્સ અને H.D.E.C. બેંક સાથે ટાયઅપ કરી સરળ ફાયનાન્સની ઉપલબ્ધી થઈ રહે તે માટે પણ મેનેજમેન્ટ દ્વારા વિશિષ્ટ વ્યવસ્થાઓ કરવામાં આવે છે. વર્ષોથી ગ્રાહકોના વિશ્વાસ સાથે જોડાયેલ ન્યુ નોવેલ્ટી ફર્નીચર જૂનાગઢના વાડલા ફાટક સ્થિત સૌરાષ્ટ્રનો સૌથી વિશાળ ૩૫૦૦૦ સ્ક્વેર ફુટ જેટલી વિશાળ જગ્યામાં શો-રૂમ ધરાવી શહેરના કોલેજ રોડ અને દોમડીયા વાડી ખાતે પણ શો-રૂમની બે બ્રાન્ચો કાર્યરત છે. જ્યાં અનુભવી સ્ટાફ સાથે મેનેજમેન્ટ ગ્રાહકોની સેવામા પાંચ દશકાથી કાર્યરત છે.

કંપનીના MD હરેશભાઈ ગોધવાણી જણાવ્યું કે છેલ્લા ૪૯ વર્ષથી ફર્નીચરની આગવી રેન્જ, નોવેલ્ટીની વિશ્વસનીયતા અમારા ગ્રાહકોને આભારી છે ગ્રાહકો જ વિશ્વાસ અમને હિંમત આપે છે. હરીફાઈના જમાનામાં નોવેલ્ટી પ્રાઈઝ પોલિસી ગ્રાહકો માટે ફાયદાકારક છે. શું કામે રોકડેથી ફર્નીચર લેવું ? જ્યારે મેમ્બર બનીને લેવાથી ફાયદો થતો હોય. ખરેખર તો રોકડેથી લેવામાં નુકશાન છે. લેવું જ છે તો શું કામ પ્રી પ્લાનથી મેમ્બર ન બની જવું? ન્યુ નોવેલ્ટી ફર્નીચરમાં વર્લ્ડ કલાસ રેન્જ છે. ન્યુ નોવેલ્ટી ફર્નીચરનું કલેકશન મુંબઈ તથા વિદેશ કક્ષાનું છે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે આપણા જેવી યોજના માટે ઘણા બધા પ્રયત્ન કરી ચુક્યા છે પણ વિશ્વસનીયતાના અભાવે કોઈને સફળતા મળી નથી. વધુમાં જણાવતાં તેઓએ કહ્યું કે મારા મોટાભાઈ જગદીશભાઈએ અમોને સાહસિકતા વારસામાં આપી છે. અને અમારા સ્ટાફનો પણ હું આભાર માનું છું. **Team Novelty** બેસ્ટ ટિમ છે. ૨૦૨૩ દરમ્યાન ૨૦૨૩ દરમ્યાન સુંદર કાર્ય કરનારાનું સન્માન પણ કરવામાં આવે છે. આવતા વર્ષે અન્ય સ્ટાફગણ પણ આ લીસ્ટમાં આવે તેવી અમારી ઈચ્છા છે. આ પ્રસંગે જૂનાગઢનું ગૌરવ એવી રાજાણી ચા વાળા જયશીલભાઈ રાજાણી, શ્યામભાઈ રાજાણી, રાજ સ્ટીલવાળા ભગતભાઈ, સ્કિન સ્પેશ્યાલીસ્ટ ડો.યુસુફજઈખાન, કેન્સર સ્પેશ્યાલીસ્ટ ડો.મંઝરખાન, કાકા ફોનના તુલસીભાઈ ઓટવાણી, કોર્પોરેટર કિશોરભાઈ અજવાણી તથા અન્ય ગણમાન્ય લોકોની હાજરીમાં આ ગૌરવપુર્ણ કાર્યક્રમ સંપન્ન થયો હતો.

## ન્યુ નોવેલ્ટી ફર્નીચર એટલે ગ્રાહકોને કિફાયતી દરે ફર્નીચર આપવાનો લોકપ્રિય શો-રૂમઃ હરેશ ગોધવાણી





જૂનાગઢ તા. ૧૦

જૂનાગઢ શહેરમાં છેલ્લા ચાર દાયકા ઉપરાંત કાર્યરત એવા ન્યુ નોવેલ્ટી ફર્નીચર હર ઘર ફર્નીચરઅને એ પણ સારી કવોલીટી અને આધુનિક સુવિધાવાળા આ હેતુથી શરૂ થયેલા આ શો-રૂમને લોકોમાંથી જબ્બર પ્રતિસાદ મળી રહયો છે અનો દિવસો દિવસો તેની લોકપ્રિયતા વધી રહી છે ત્યારે ન્યુ નોવેલ્ટી ફર્નીચરના હરેશ ગોધવાણીએ એક વાતચીતમાં જણાવ્યું હતું કે, ન્યુ નોવેલ્ટી ફર્નીચર ગ્રાહકોની સેવામાં મુકવામાં આવેલ છે. અને જેનો શુભ હેતુ રહેલો છે તે આજે સફળતાને વર્યો છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, જૂનાગઢમાં જયારે મોંઘા ભાવનું ફર્નીચર ખરીદવું બજેટથી બહાર હતું, ત્યારે અમે સાવ સસ્તા ભર્ભામાં મનગમતું ફર્નીચર આપવાનો જે પ્રયાસ શરૂ કર્યો તે સતત ચાલુ છે. દરેક માણસ ને ફર્નિચર લેવું જ છે. જેને પરવડે એનાં માટે પ્રશ્ન નથી, જે નાનું મોટુ કામ કરતા હોય એનાં માટે એક પૈસા ભેગા કરવા અને ખરીદવો થોડું અઘરૂં પડતું હોય છે. અમે ગ્રાહકોમાં આવતી આ મુશ્કેલી અને એનાં અનુભવના આધારે સરળ હપ્તામાં ફર્નીચર આપવાનું નક્કી કર્યું. આ વિચાર અમારા માટે માઈલ સ્ટોન બની ગયો. કોઈ વિચારી ના શકે એવી સફળતા અમને તેમાં મળી. મામૂલી હપ્તમાં કોઈકને સારી અને મોટી ઉપયોગી વસ્તુ મળી જાય એનાથી વિશેષ શું જોઈએ? લગ્ન પ્રસંગનાં કરિયાવર માટેની વસ્તુઓ સરળ હપ્તાથી મળી જાય એને કેટલી મોટી રાહત અને સુવિધા મળે. અમે જૂનાગઢમાં સૌપ્રથમવાર સરળ હપ્તેથી ફર્નીચર આપવાની સ્કીમ શરૂ કરી છે. 'સ્ક્રીમાં લોકો અમારી પાસે ફકત પૈસા જ નહીં જમાં કરાવતા, એ અમારી પાસે એમનો વિશ્વાસ પણ જમાં કરાવે છે. એમનાં અતૂટ વિશ્વાસ થકી અમે આટલા બધા વર્ષોથી આ સ્કીમ ચલાવીએ છીએ. આ અમારી ઓળખ બની ગઈ છે. લોકો સામે થી પૂછવા આવે છે કે હવે સ્કીમ ક્યારે શરૂ થવાની છે? લોકોના મનમાં આ વિશ્વાસ અને ઉમ્મીદ અમારી પૂંજી છે, રોકાણ છે. 'શરૂઆતમાં દરેક કામમાં તકલીફ પડવાની જ છે. અમને પણ પડી, પણ લોકોએ અમારા ઉપર વિશ્વાસ મૂક્યો આ અગત્યનો છે. આજે અમારી આ સ્કીમને ચલાવતા ૪૬ જેટલા વર્ષો થઈ ગયા છે. આજે અમારી પાસે હજારો મેમ્બરો છે.

## ભારતીય કલા-કૃતિઓ માટે સ્વદેશ કરે છે નવા સ્થાનનું અનાવરણ

### રિલાયન્સ રિટેલના સર્વપ્રથમ એક્સક્લુઝિવ સ્વદેશ સ્ટોરનો હૈદ્રાબાદમાં શુભારંભ



હૈદ્રાબાદ, તા.૧૦

રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને ચેરપર્સન, શ્રીમતી નીતા અંબાણીએ તેલંગણામાં બુધવારે રિલાયન્સ રિટેલ દ્વારા સર્વપ્રથમ સ્વદેશ સ્ટોરનું ઉદઘાટન કરતાં ભારતીય કલાકૃતિઓએ એક હરણફાળ ભરી છે. પરંપરાગત કારીગરી અને કલાના કસબીઓને પ્રોત્સાહિત કરવાની રિલાયન્સ ફાઉન્ડેશનની દીર્ઘકાલીન પરંપરા તેમજ શ્રીમતી અંબાણીના કલાકારોને વ્યાપક પહોંચ પૂરી પાડવાના વિઝન થકી સાકાર થયેલો સ્વદેશ સ્ટોર ભારતની પ્રાચીન કલા અને કૃતિઓને વિશ્વસ્તરે પહોંચાડવાની પદ્ધતિમાં ક્રાંતિકારી પરિવર્તનો લાવશે.

રિલાયન્સ રિટેલના સ્વદેશ સ્ટોર્સમાં ભારતની સદીઓ જૂની કલા-સંસ્કૃતિના સ્વરૂપો તથા રચનાત્મક અભિવ્યક્તિઓને દુનિયા સમક્ષ પ્રસ્તુત કરવાની સાથે હજારો કલાકારો માટે આજીવિકાનું સ્થિર સાધન ઊભું કરવાની દિશામાં પણ નોંધપાત્ર પ્રગતિ થશે. આની સાથે જ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની (આરઆઈએલ) સખાવતી પાંખ, રિલાયન્સ ફાઉન્ડેશનના ભારતના વિકાસ આડેના પડકારોને ઝીલીને નવતર છતાં સાતત્યપૂર્ણ ઉપાયો રજૂ કરવાના ઉદ્દેશ સાથે સુસંગતતા કેળવાશે.

હૈદ્રાબાદમાં સર્વપ્રથમ સ્વદેશ સ્ટોરના ઉદઘાટન પ્રસંગે, શ્રીમતી નીતા અંબાણીએ જણાવ્યું હતું કે, "સ્વદેશ એ ભારતીય પારંપરિક કળા અને કલાકારો માટે વરદાન સમાન છે. આપણા દેશની સદીઓ જૂની કળા અને કૃતિઓના સંવર્ધન અને પ્રોત્સાહનની અમારી પ્રેરક પહેલ છે. સ્વદેશ અંતર્ગત 'મેક ઈન ઈન્ડિયા'ની ભાવનાને ઉજાગર કરીને આપણા કુશળ કારીગરોને આદર તથા સ્થિર રોજગાર પૂરો પાડવામાં આવશે. તેઓ ખરેખર આપણા દેશનું ગૌરવ છે, અને સ્વદેશ દ્વારા અમે તેમને વિશ્વભરમાં ઓળખ પ્રદાન કરવા ઈચ્છીએ છીએ કે જેના માટે તેઓ વાસ્તવમાં હકદાર છે.આ કારણથી જ સ્વદેશનો માત્ર ભારતમાં જ નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ, અને જી તેમજ યુરોપમાં પણ વિસ્તાર કરવા માગીએ છીએ."

રિલાયન્સ ફાઉન્ડેશનના અથાગ પ્રયાસો થકી જ, ભારતીય કલાના કસબીઓએ તાજેતરમાં જ મુંબઈ સ્થિત નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટર (NMACC) ખાતે લોંચ કરાયેલા કલા અને સંસ્કૃતિ વિભાગ ખાતે રચાયેલા સુંદર સ્વદેશ એક્સપિરિયન્સ ઝોન ખાતે બંને ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય મહેમાનો તરફથી અપ્રતિમ પ્રશસ્તિ પ્રાપ્ત કરી હતી. જાહેર જનતાની ભારે માગને કારણે જ મે મહિનામાં મૂળભૂત રીતે ત્રણ દિવસ માટે યોજાયેલું NMACC ખાતેનું પ્રદર્શન લંબાવવું પડ્યું હતું.

સ્વદેશ પહેલના ભાગરૂપે, રિલાયન્સ ફાઉન્ડેશન આર્ટિસન ઈનિશિયેટિવ ફોર સ્કીલ એન્હેન્સમેન્ટ (RAISE)ના ૧૮ સેન્ટર્સને ભારતભરમાં સ્થાપવાની પ્રક્રિયા ચાલી રહી છે જેથી પાયાના સ્તરે પહોંચીને કલાના કસબીઓ તથા કલાકૃતિઓને સાતત્યપૂર્ણતા પહોંચાડી શકાય. આના થકી ૬૦૦થી વધુ કલાના સ્વરૂપોમાંથી પ્રાપ્તિની અપેક્ષા છે.

ભારતની લુપ્ત થતી કલા અને તેના વારસાની જાળવણીનો ઉદ્દેશ ધરાવતો રિલાયન્સ રિટેલની પહેલ સમાન, સ્વદેશ સ્ટોર સૌથી પહેલાં તેલંગણાના જ્યુબિલી હિલ્સ ખાતે સ્થપાયો છે અને તે ૨૦,૦૦૦ ચો.ફીટથી વધુ વિસ્તારમાં ફેલાયેલો છે. અહીં મુલાકાતીઓ ખાદ્યપદાર્થોથી માંડીને વસ્ત્રો અને ટેક્સટાઈલ્સ તથા હસ્તકલાની બેનમૂન કૃતિઓને નિહાળી શકે છે તેમજ "સ્કેન એન્ડ નો" ટેકનોલોજી ફીચર વડે તેની વિગતોને પણ જાણી શકે છે. આ ઉપરાંત ફાર્મ-ટુ-ટેબલ કન્સેપ્ટ આધારિત ખાદ્ય વાનગીઓને પિરસતો કાફે પણ આ સ્ટોરમાં ઉપલબ્ધ છે.

## ખંભાળિયાના ક્ષત્રિય અગ્રણીની અનોખી સેવા પ્રવૃત્તિઃ ગરીબ બાળકોને હોટેલમાં ભાવતા ભોજન જમાડ્યા



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૦

ખંભાળિયા રાજપૂત સમાજના પ્રમુખ અને શક્તિનગર ગ્રામ પંચાયતના અગ્રણી ચંદ્રસિંહ એફ. જાડેજાના જન્મદિવસ નિમિત્તે તેમણે અનોખી સેવા પ્રવૃત્તિ કરી અને ગરીબ તેમજ અનાથ બાળકોને અહીંની એક પ્રખ્યાત હોટેલમાં આ બાળકોને ભાવતા તમામ સ્વૈચ્છિક ભોજન કરાવ્યા હતા.

આટલું જ નહીં, આ બાળકો સાથે તેમણે કેક કાપી હતી, ગરીબ-અનાથ બાળકોએ પ્રથમ વખત સારી હોટલમાં વ્યંજનની મોજ માણી તેમની આંખોમાં અનેરી ખુશી સાથે ચમક જોવા મળી હતી. આ સેવા પ્રવૃત્તિ બદલ સલાયાના અગ્રણી લાલજીભાઈ ભુવા દ્વારા ચંદ્રસિંહ જાડેજાને આશાપુરા માતાજીની છબી આપીને શુભેચ્છાઓ પાઠવી હતી.

## સંસ્કાર ભારતી જૂનાગઢ અને ક્રિમસન એકેડમી દ્વારા રંગોળી પ્રદર્શન યોજાયું

જૂનાગઢ, તા.૧૦

કલા, સાહિત્ય અને રંગમંચ ની રાષ્ટ્રીય સંસ્થા સંસ્કાર ભારતી જૂનાગઢ અને ક્રિમસન ધ આર્ટ એકેડમી આયોજિત "ભૂ અલંકરણ" (રંગોળી) પ્રદર્શન તા ૯,૧૦, ૧૧ નવેમ્બર ત્રણ દિવસ માટે જૂનાગઢ મહા નગર માં ખુલ્લું મૂકવામાં આવ્યું, આ તકે ડો.ચેતનભાઈ ત્રિવેદી (નરસિંહ મહેતા યુનિ કુલપતિ), જીતુભાઈ ભીંડી (સુવર્ણકાર અને રા. રા. સ્વયમ સેવક સંઘનાં પ્રાંતીય બોદ્ધિક પ્રમુખ), દિવ્ય ભાસ્કર અખબારના રાજકોટ વિભાગનાં મુખ્ય તંત્રી સુશ્રી નીતાબેન વાળા, જિલ્લા યુવા વિકાષ અધિકારી જયકિશનભાઈ દેવાની, પ્રમુખ લાયન્સ કલબ, વિપુલભાઈ ત્રિવેદી, સંસ્કાર ભારતી પ્રાંત સંયોજક સંગીત વિદ્યા, જાણીતા લોક ગાયક અને સંસ્કાર ભારતીનાં અધ્યક્ષ રાજુભાઈ ભટ્ટ, સુશ્રી શોભનાબેન ભટ્ટ, દર્પિતી દવે, અમિતભાઈ ચરાડવા, રૂપલબેન લખલાની, સુશ્રી અમીષા માંકડ, જયશ્રીબેન પટેલ, વિવિધ પ્રિન્ટ અને ઈલોકટ્રોનિક મીડિયાનાં પ્રતિનિધિઓ દ્વારા દીપ પ્રજવલન કરી પ્રદર્શનનો પ્રારંભ કરવામાં આવેલ હતો. ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત સંસ્કાર ભારતીના ચિત્ર વિદ્યા સંયોજક અને પ્રદર્શનના માર્ગદર્શક કલાકાર દીપેન જોશી અને ભૂ અલંકરણનાં કલા સાધકો દ્વારા કરવામાં આવ્યું, આ પ્રદર્શનમાં ૧૨ વર્ષની વયના બાળ કલાકારથી ૩૫ વર્ષ સુધીના કલા સાધકો દ્વારા વિવિધ ભાવ ચિત્રો રંગોળી રૂપે પ્રદર્શિત કરી કલાનાં કામણ પાથર્યા છે, પ્રદર્શન નિહાળી મહાનુભાવો અને કલા રશિકો દ્વારા કલા સાધકોની કલાને બિરદાવી પ્રોત્સાહિત કરવામાં આવેલ, જૂનાગઢના નગરજનોને આ ત્રણ દિવસનું પ્રદર્શન માણવા આયોજકો દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

## ધનતેરસ : આયુર્વેદના ભગવાન ધનવંતરીનો જન્મ દિવસ

### સોમનાથ સાંનિધ્યે માળીયાના મોટી ધણેજ પાસે વ્રજમી નદીના કાંઠે બિરાજમાન છે ધનવંતરી આશ્રમ

વેરાવળ તા. ૧૦

આસો વદ તેરસના પરમ પવિત્ર દિવસે ધનવંતરી દેવનું અમૃત કળશ સાથે પૃથ્વી લોક અવતરણ થયેલ હતું. આયુર્વેદના આ મહાન દેવતાનું સોમનાથ મહાદેવ મંદિરથી આશરે ૩૫ કિ.મી. દુર માળીયા હાટીના તાલુકાના મોટી ધણેજ ગામે મંદિર આવેલું છે. એક કથા મુજબ ધનવંતરી દેવે કાશી છોડયા બાદ માળીયા હાટીનાના મોટી ધણેજ ગામની આયુર્વેદના જ્ઞાનથી લોકોની સેવા-સુશ્રુષા કરવા લાગેલ અને આશ્રમમાં તે સમયમાં અષ્ટાંગ આયુર્વેદનું જ્ઞાન આપી, ગામે ગામ આરોગ્યનો પ્રચાર-પ્રસાર કરાવેલ. હાલ પણ આ સ્થળે ધનવંતરી ભગવાનની સમાધિ આવેલ છે. ધનતેરસના દિવસે આ સ્થળે જપ, તપ, ઉપાસના, આરાધના, સવારે વિશેષ પૂજન યજ્ઞ યોજાય છે.

મંદિર પટાંગણમાં શિવજી અને હનુમાનજીના મંદિર છે અને આ સ્થળે ઐતિહાસિક પૌરાણિક અને અજાયબી રૂપે સફેદ વડ પણ દર્શનીય છે. વડ સાથે પરીક્ષિત અને કશ્યપ ઋષીની વાતો વણાયેલી છે.

એક અજાયબી એ પણ છે કે, આ વડના પાન ઉપર સફેદ અને નીચે લીલા કલરના હોય છે. આજુબાજુમાં ઔષધવન, વેતરણ, સોરભ સહિત વિવિધ દર્શનનો લાભ પ્રાપ્ત થાય છે. આયુર્વેદલક્ષી સુવિચારો, ચિત્રકામ અને બાજુમાં મુકતેશ્વર મહાદેવનું અતિ ભવ્ય પુર્વાભિમુખ શિવમંદિર આવેલું છે. બાજુમાં જ કશ્યપ ગંગા નદીનો ઘાટ છે. જેના ૧૫ પગથીયા છે. ધનતેરસના દિવસે વિશેષ મહાત્મય હોય તે દિવસે વૈદ્યો અને આયુર્વેદ જ્ઞાતાઓ શ્રધ્ધા અને ભાવપુર્વક તેમનું પૂજન કરી આશીર્વાદ મેળવે છે.

# સાળંગપુરમાં શતામૃત મહોત્સવની તડામાર તૈયારીઓ









(પ્રતિનિધિ દ્વારા) સાળંગપુર તા.૧૦

વડતાલ ધામ સંચાલિત શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરમાં ગોપાલાનંદ સ્વામી હનુમાનજીની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરી તેને ૧૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે સંતો દ્વારા ૧ હજારથી વધુ વીઘા જમીનમાં ભવ્ય અને દિવ્ય શતામૃત મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જે માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. અત્યારે મહોત્સવ સ્થળમાં હનુમાન વાટિકાનું ઉદ્‌ઘાટન કરી દેવામાં આવ્યું છે. આ માટે છેલ્લા છ મહિનાથી મંદિરના સંતો અને સ્વયંસેવકોની ટીમ દ્વારા કામ કરવામાં આવી રહ્યું હતું. શતામૃત મહોત્સવના ગ્રાઉન્ડમાં પ્રદર્શન વાટિકા, નિઃશુલ્ક ભોજનાલય, ૧૦૮ યજ્ઞ કુંડ, ઉતારા, સભા મંડપ અને અખંડ ધૂન માટેનું કાર્ય બનાવવામાં આવેલા છે.

**શ્રીહનુમાન વાટિકા સાંસ્કૃતિક પ્રદર્શન**

નાના નાના બાળકોથી લઈ મોટા વ્યક્તિઓને આનંદિત કરે એવું સ્થળ એટલે પ્રદર્શન. આ મહોત્સવમાં શ્રીહનુમાન વાટિકા સાંસ્કૃતિક પ્રદર્શનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. શ્રી હરિકૃષ્ણ સ્વામી (રાજકોટ ગુરૂકુળ)ના માર્ગદર્શન હેઠળ ૨૫૦થી વધુ સ્વયંસેવકો દ્વારા તડામાર તૈયારીઓ કરાયું છે. આ પ્રદર્શનમાં પ્રવેશ કરતા જ ભક્તોને ભવ્ય પ્રવેશ દ્વારનું દર્શન થશે. જે બંગાળી કારીગરો દ્વારા કલાકૃતિ કરીને બનાવવામાં આવ્યું છે. આ પ્રદર્શન ૪૫ વીઘા જમીનમાં ઊભું કરાયું છે. જેમાં ૧૮ ડોમમાં જુદા-જુદા વિભાગો બનાવાયા છે. આ ઉપરાંત ૨ ખાણી-પીણીની કેન્ટીન પણ બનાવવામાં આવી છે. જેમાં ખૂબ જ ઓછી કિંમતે પૌષ્ટિક અને સ્વાદિષ્ટ નાસ્તો ભક્તો આરોગી શકશે. આ હનુમાન વાટિકા પ્રદર્શનમાં ભક્તો મુખ્ય દ્વારથી અંદર આવશે ત્યારે તેમને સૌ પહેલા શ્રીકષ્ટભંજન દેવ વંદના સર્કલમાં ૧૦ ફૂટ ઊંચી હનુમાનજીની મૂર્તિના દર્શન થશે. પ્રદર્શનના જુદા-જુદા વિભાગોમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરિત્ર સાથે દ્રશ્યમાન થતી લોક સંસ્કૃતિ, યુગો પુરાણી ભારતીય સંસ્કૃતિના મુખ્ય આધાર સ્તંભ અને મંદિરોની ગાથા વર્ણવતી ડોક્યુમેન્ટરી ફિલ્મ, નેચરલ ગુફાઓ, આર્ટ ગેલેરી અને સેલ્ફી ઝોન, ભવ્ય લાઈટ એન્ડ સાઉન્ડ શો, વિભિન્ન ફાઉન્ટેન અને તળાવ, નાના-નાના ભૂલકાઓ માટે ભવ્ય આનંદ મેળાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આમ, ૪૫ વીઘા જમીનમાં પારિવારિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિકતાને ઉજાગર કરતું આ ભવ્ય પ્રદર્શનમાં પ્રવેશ કરવા માટે સવારે ૧૦:૦૦ વાગ્યાથી રાત્રે ૮:૩૦ વાગ્યા સુધીનો સમય નક્કી કરવામાં આવ્યો છે. મહત્વનું છે કે, આ પ્રદર્શન આગામી આજે ૯ નવેમ્બર ૨૦૨૩થી સાંજે ૫:૦૦ વાગ્યે સંતો દ્વારા ઉદ્‌ઘાટન કરી ખુલ્લુ મુકવામાં આવશે જે આગામી ૨૨ નવેમ્બર ૨૦૨૩ સુધી ચાલશે. સાળંગપુર ની આજુ-બાજુના ગામ અને જિલ્લાના લોકોએ ૯થી ૧૫ તારીખ સુધી લ્હાવો લઈ લેવો. જેથી શાંતિથી પ્રદર્શનની મજા માણી શકાય.

**દરરોજ એકસાથે ૧ લાખથી વધુ ભક્તો નિઃશુલ્ક જમી શકે એવું વિશાળ ભોજનાલય**

શતામૃત મહોત્સવમાં લાખોની સંખ્યામાં દાદા ના ભક્તો આવશે. તે દરેક ભક્તો એકદમ નિશુલ્ક સારામાં સારી ગુણવત્તાવાળું ભોજન મળી રહે એ માટે ભોજનાલય બનાવવામાં આવ્યું છે. ૧૦ વીઘાથી વધુ વિસ્તારમાં મહોત્સવમાં આવેલા ભક્તોને જમવા માટે વ્યવસ્થા કરવામાં આવી છે. મહોત્સવ ગ્રાઉન્ડની નજીક મહાકાય રસોડાની તૈયારી થઈ ગયું છે. અહીં એક લાખથી વધુ ભક્તો આરામથી પ્રસાદ લઈ શકે તે માટે અલગ-અલગ વિભાગ ઉભા કરાયા છે. જેમાં VIP, VVIP અને જનરલ વિભાગ બનાવાયા છે. તો રસોડા વિભાગની સેવામાં અને નૂતન ભોજનાલય એમ બંને જગ્યાએ થઈને ૧૦,૦૦૦થી વધુ સ્વયંસેવકો ખડે પગે રહેશે.

**આખા મહોત્સવમાં ૪૦ લાખથી વધુ ભક્તો ભોજનાલયમાં નિઃશુલ્ક પ્રસાદ લેશે**

મહોત્સવમાં આવતા દર્શનાર્થીઓ માટે રસોડા વિભાગમાં દરરોજ નક્કી કરાયેલા મેનુ મુજબ બે મીઠાઈ, બે ફરસાણ, બે શાક, દાળ-ભાત, રોટલી, સલાડ અને છાશ પીરસવામાં આવશે. દર્શનાર્થીઓ માટે રસોડામાં જમવા માટેનો સમય સવારે ૯:૦૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી રહેશે. જે બાદ સાંજે ૫:૦૦ વાગ્યાથી રાતના ૦૯:૦૦ વાગ્યા સુધી ભોજન ગ્રહણ કરી શકશે. આમ અંદાજે આખા મહોત્સવ દરમ્યાન ૪૦ લાખથી વધુ ભક્તો આરામથી પ્રસાદ લઈ શકે તે માટેની વ્યવસ્થા શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરના સંતો દ્વારા કરવામાં આવી છે.

**હનુમાનજીના જીવન ચરિત્ર ઉપર ભવ્ય લાઇટ એન્ડ સાઉન્ડ શો**

૧૬થી ૨૨ નવેમ્બર દરમ્યાન હાઈ ટેક લાઈટ એન્ડ સાઉન્ડ કરાશે. આ લાઈટ એન્ડ સાઉન્ડ શો તૈયાર સાળંગપુરમાં જે લાઈટ એન્ડ સાઉન્ડ શો થશે તેમાં ૧૫થી ૧૭ મિનિટ સુધીનો સમય નક્કી કરાયો છે. જેમાં ૫૪ ફૂટની હનુમાનજી મહારાજની કિંગ ઓફ સાળંગપુરની મૂર્તિ છે તેના ઉપર હનુમાનજીના જીવન ચરિત્ર પર અલગ-અલગ એનિમેશન સાથે લેસર શો દ્વારા ઈફેક્ટ આપી આખો એક શો તૈયાર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત હનુમાનજીએ બાળ અવસ્થામાં સૂર્યને ગળ્યો તે પણ એનિમેશન દ્વારા બતાવાશે. ગોપાળાનંદ સ્વામીએ સાળંગપુર હનુમાનજી મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરી તેને ૧૭૫ વર્ષ પૂરા થયા તે પણ આ લાઈટ એન્ડ સાઉન્ડ શોમાં કરાશે. આ ઉપરાંત શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજી દુખી જીવોના કામ કરે છે તે પણ લાઈટ એન્ડ સાઉન્ડ શોમાં બતાવવામાં આવશે.''

**૨૫૦ વિઘામાં પાર્કિંગ વ્યવસ્થા, ૩૦ હજારથી વધુ ફોર વ્હીલર અને ટુવ્હીલર પાર્ક થશે**

મંદિર અને મહોત્સવના ૧ કિલોમીટરના રેડિયસમાં ૨૫૦ વિઘામાં પાર્કિંગ વ્યવસ્થા કરાઈ છે. આ પાર્કિંગ મેઈન ૫ મેઈન એન્ટ્રી ગેટ છે. જે બરવાળા, બોટાદ, લાઠીદળ, ગુંદા ગામ અને સાંચરિયા ગામ તરફથી આવતા લોકો માટે એન્ટ્રીની વ્યવસ્થા કરાઈ છે. આ સિવાય પાર્કિંગમાં ૯ ચેકપોસ્ટ બનાવી છે. જેમાં VIP-VVIPના ત્રણ વિભાગ અને જનરલના ૧૮ વિભાગ બનાવવામાં આવ્યા છે. આ પાર્કિંગમાં ૩૦ હજારથી વધુ ફોર વ્હીલ અને ટુવ્હીલ પાર્ક કરી શકાશે.'' પાર્કિંગની વ્યવસ્થા મેનેજ કરવામાં ૧૮૦૦ સ્વયંસેવકો એમાંથી ૧૨૦૦ સ્વયંસેવકો ટ્રાફિક અને પાર્કિંગ ડિપાર્ટમેન્ટ સંભાળશે અને ૬૦૦ સ્વયંસેવકો મંદિર, ભોજનશાળા, યજ્ઞશાળા અને પ્રદર્શનમાં સિક્યોરિટી તરીકે ખડેપગે રહેશે. ૨૫૦ વીઘા પાર્કિંગ કરવા માટે ૫૦ સ્વયંસેવકોએ બુલડોઝર સાથ ખેતર લેવલ કરીને પાર્કિંગ તૈયાર કર્યું છે. પાર્કિંગ ૨૪ કલાક કાર્યરત રહેશે. જે ૭૫% સ્વયંસેવકો દિવસે અને ૨૫% રાત્રે કાર્યરત રહેશે.''

**૨૪ કલાક મેડિકલ કેમ્પમાં નિઃશુલ્ક દર્દીઓની તપાસ કરાશે**

મહોત્સવ ગ્રાઉન્ડમાં મેડિકલ કેમ્પ કરવા માટે ૧૦ હજાર સ્ક્વેર ફૂટમાં બે વિશાળ ડોમ ઊભા કરાયા છે. જેમાં ૩ હાઈટેક ICU બેડરૂમ, ૧૦ બેડરૂમ કન્સલ્ટિંગ અને ૧૫ બેડ બ્લડ ડોનેશન માટે રાખવામાં આવશે. આમ એકસાથે ૧૦ દર્દીની OPD અને ૩૦ દર્દીને એક સાથે સારવાર આપી શકાશે. આ મેડિકલ કેમ્પમાં ૨૦૦થી વધુ દરેક રોગના નિષ્ણાંત ડોક્ટર ૨૪ કલાક ખડેપગે રહેશે. આ સિવાય આંખના કેમ્પમાં જબરેશ્વર હોસ્પિટલની ડોક્ટરની ટીમ આવશે. મહોત્સવમાં આવતાં ભક્તોને તપાસ કરવામાં આવશે. પ્રારંભિક ચશ્મા આપવામાં આવશે. સંસ્થા કહેશે એ પછી ઓપરેશન કરી આપીશું.''

**૬૦ વીઘામાં બનાવાયેલા ૭૦૦ ટેન્ટમાં ૮૪૦૦ લોકો આરામથી રહી શકશે**

મહોત્સવમાં પધારનાર સર્વે ભક્તોને રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે છે. સંતો, સ્વયંસેવક અને દ્વારા આ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. કુલ ૬૦ વીઘા જમીનમાં ઉતારા બનાવવામાં આવી રહ્યા છે. જેમાં કુલ ૭૦૦ ટેન્ટ બનાવાયા છે. આ દરેક ટેન્ટમાં ૧૨ બેડ હશે. એમ કુલ ૮૪૦૦ ભક્તો આરામથી રહી શકે એ માટે ટેન્ટમાં વ્યવસ્થા કરવામાં આવી છે. એટલું જ નહીં ભક્તો માટે ટોઈલેટ-બાથરૂમની પણ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. બાથરૂમમાં ગરમ પાણીની સુવિધા પણ ઋતુ અનુરૂપ રાખવામાં આવી છે.'' સાળંગપુર હનુમાનજી મંદિરના સંતો દ્વારા મંદિર પરિસરમાં આવેલા ઉતારા, અનેક ભક્તોના મકાનો, બોટાદ અને ટાટમ ગામના ગુરૂકુળમાં પણ ઉતારાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સાથે જ ઉત્સવમાં સેવા કરનારા સ્વયંસેવકોની ઉતારા માટે પણ મહોત્સવ ગ્રાઉન્ડની નજીક વ્યવસ્થા કરવામાં આવી છે.''

**દરરોજ અલગ-અલગ ૨૧૦૦થી વધુ યજમાનો એક સાથે યજ્ઞશાળામાં યજ્ઞ કરશે**

શ્રીકષ્ટભંજન દેવ સતામૃત મહોત્સવ અંતર્ગત દિવ્ય ૧૦૮ કુંડી મારૂતિ યજ્ઞ માટેની તૈયારી પૂરજોશમાં ચાલી રહી છે. આશરે ૧૫ વીઘા જમીનમાં યજ્ઞશાળા, યજમાનો માટે ભોજનાલય તથા અખંડ ધૂન માટેના વિભાગો બનાવવામાં આવી રહ્યા છે. ૨૧૦૦ યુગલ યજમાનો આ યજ્ઞનો દિવ્ય લાભ પ્રાપ્ત કરશે. ૧૨૫ થી વધુ પવિત્ર બ્રાહ્મણો હનુમાનજી મહારાજના મહિમાથી ભરપૂર વૈદિક મંત્રોચ્ચારથી યજ્ઞ કરાવશે. મહત્વનું છે કયા યજ્ઞ શાળાનું ૬૦%થી વધુ કામ પૂર્ણ થઈ ગયું છે.

**સભા મંડપમાં ૧૫,૦૦૦થી વધુ ભક્તો એક સાથે સતસંગ સભા માણી શકશે**

મહોત્સવના સભા મંડપનું કાર્ય કુંડળના શ્રી જ્ઞાનજીવન સ્વામીના સંત મંડળ તથા સ્વયંસેવકો દ્વારા પુરબહારમાં કરવામાં આવી રહ્યું છે. જેમાં ૩૦૦ ફૂટ X ૬૦૦ ફૂટના મહાકાય ડોમ બનાવવામાં આવ્યો છે. સભા મંડપનું સ્ટેજ ૯૦ ફૂટ ã ૩૦ ફૂટનું બનાવવામાં આવ્યું છે જે ફુલ એરકન્ડિશનિંગવાળું હશે. જેમાં ૧૫,૦૦૦થી વધુ ભક્તો આરામથી બેસી શકે એ માટે સભા મંડપની અંદર અદભુત વ્યવસ્થા કરવામાં આવી છે. દિવ્યતા અને ભવ્યતાની અનુભૂતિ કરાવતા સભા મંડપની આસપાસ ૧ લાખ સ્ક્વેર ફૂટમાં બ્લોક પાથરવાનું કાર્ય ચાલી રહ્યું છે. સંતો તથા સ્વયંસેવકોના અથાક પરિશ્રમથી ૬૦% જેટલું કામ પૂર્ણ થઈ ગયું છે. સભા મંડપમાં ઠેર-ઠેર ભક્તો સ્ટેજના વક્તાશ્રીના દર્શન કરી શકે તે માટે વિશાળ LED સ્ક્રિન લગાવવાની પણ વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

**૧૪૦ ગામના અલગ અલગ મંડળો દ્વારા અખંડ મહાધૂન કરાશે**

શ્રી કષ્ટભંજન દેવ શતામૃત મહોત્સવ અંતર્ગત વિશ્વ શાંતિ માટે દિવ્ય અખંડ ધૂનનું આયોજન અને દિવ્ય બનાવવાનું કાર્ય કરશે. અખંડ મહાધૂનમાં ૧. શ્રી રામધુન, ૨. શ્રી સ્વામિનારાયણ ધૂન, ૩. હનુમાન ચાલીસા અને સુંદરકાંડની ધૂનનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી વેદાંત સ્વામીના માર્ગદર્શન હેઠળ આ આયોજન આકાર લઈ રહ્યું છે. તેમના જણાવ્યા અનુસાર, ચાર અલગ-અલગ ડોમમાં આ ધૂન થશે. દરેક ડોમમાં આશરે ૧૫૦થી વધુ ભક્તો ધૂન કરશે. આશરે ૧૪૦ ગામના અલગ અલગ મંડળો દ્વારા આ ધૂન યોજવામાં આવશે. ધૂનનો સમય સવારે ૭ વાગ્યાથી સાંજના ૭ વાગ્યા સુધીનો છે અને અખંડ ધૂનની વ્યવસ્થામાં ૧૫૦થી વધારે સ્વયંસેવકો સેવા કરી શ્રી કષ્ટભંજન દેવ નો રાજીપો પ્રાપ્ત કરશે.

## રેલ્વેના રોજગાર સબંધિત તથ્યો

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૦

છેલ્લા એક વર્ષમાં ભારતીય રેલ્વે દ્વારા ૧.૫ લાખ નોકરીઓ આપવામાં આવી છે. છેલ્લા ૯ વર્ષોમાં વિવિધ કેટેગરીમાં જેવા કે સહાયક લોકો પાઈલટ, સ્ટેશન માસ્ટર, ટ્રેન મેનેજર, જુનિયર એન્જિનિયર, ટેકનિશિયન, કોમર્શિયલ ક્લાર્ક, ટ્રેક મેઈન્ટેનર, પોઈન્ટ્સમેન વગેરે પાદો ઉપર રેકોર્ડ ભરતી કરવામાં આવી છે. નવા ભરતી કરાયેલા કર્મચારીઓને મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ, સિવિલ, સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન વગેરે જેવા વિવિધ વિભાગોમાં તૈનાત કરવામાં આવ્યા છે. નોંધનીય છે કે ૨૦૦૪-૨૦૧૪ના સમયગાળા દરમ્યાન આશરે ૪.૧૧ લાખ ઉમેદવારોની ભરતી કરવામાં આવી હતી, જે દર વર્ષે સરેરાશ ૪૧,૦૦૦ ભરતી છે. એ જ રીતે, ૨૦૧૪ થી અત્યાર સુધીના સમયગાળા દરમિયાન, ૫ લાખ ઉમેદવારોની ભરતી કરવામાં આવી છે. કોવિડ સમયગાળાને પણ ધ્યાનમાં રાખીને, સરેરાશ ૫૦,૦૦૦ ઉમેદવારોની ભરતી કરવામાં આવી છે. અન્યથા પ્રવેશ મેળવનાર ઉમેદવારોનો સરેરાશ આંકડો ૬૨,૦૦૦ હશે. બીજી મોટી સિદ્ધિ કમ્પ્યુટર આધારિત કસોટી/ઓનલાઈન પરીક્ષા દ્વારા વિશ્વની સૌથી મોટી ભરતી ઝુંબેશ હાથ ધરવી છે, જે ડિસેમ્બર ૨૦૨૦થી જુલાઈ ૨૦૨૧ વચ્ચે હાથ ધરવામાં આવી હતી. નોન-ટેકનિકલ પોપ્યુલર કેટેગરી(NTPC) અને RRC(ગ્રુપ ડી) પરીક્ષાઓનો સમાવેશ કરતી આ પરીક્ષાઓ ભ્રષ્ટાચાર મુક્ત અને પારદર્શક રીતે મોટા પાયે સફળતાપૂર્વક હાથ ધરવામાં આવી હતી. લગભગ ૨.૩૭ કરોડ ઉમેદવારોએ ૪૦૦થી વધુ શહેરોમાં ૨૩૨ શિફ્ટમાં ૧૨૭૭ પરીક્ષા કેન્દ્રો સાથે આયોજિત પરીક્ષામાં હાજરી આપી હતી. આ પરીક્ષા ૧૫ ભાષાઓમાં લેવામાં આવી હતી. સરેરાશ, ૧ કિમીના ટ્રેકના બાંધકામ માટે વાર્ષિક અંદાજે ૩૩,૦૦૦ શ્રમ દિવસ રોજગારી ઉત્પન્ન કરે છે. ભારતીય રેલ્વે ઉપર છેલ્લા એક વર્ષમાં ૫,૬૦૦ કિમીનો ટ્રેક બનાવવામાં આવ્યો છે. આથી, પ્રતિદિન ઉત્પન્ન થયેલા કુલ શ્રમ દિવસ ૫ લાખ(૫,૦૬,૩૦૧) કરતાં વધુ છે. આ ઉપરાંત, ભારતીય રેલ્વે મોટા પાયા ઉપર OHE, સિગ્નલિંગ, ઉત્પાદન એકમો અને જાહેર ક્ષેત્રના એકમો, સ્ટેશન પુનઃવિકાસના કામો જેવા માળખાકીય કામો હાથ ધરી રહી છે, જેનાથી રોજગારીની તકો પણ ઊભી થઈ છે. આનાથી એક વર્ષમાં લગભગ ૧૦ લાખ પરોક્ષ નોકરીઓનું સર્જન થયું છે. રેલ્વેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર કામોની અર્થવ્યવસ્થા ઉપર સરેરાશ ૩.૫ ગણી અસર પડે છે. આ વિવિધ ક્ષેત્રોમાં ૧૦ લાખ X ૩.૫ = ૩૫ લાખ પરોક્ષ નોકરીઓનું સર્જન કરી રહ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે રૂા.૨.૬ લાખ કરોડની મૂડી ફાળવણીની જોગવાઈ કરવામાં આવી છે, જે અત્યાર સુધીનો સૌથી વધુ મૂડી ખર્ચ છે. ૧,૦૨,૮૮૧ કરોડ(સપ્ટેમ્બર ૨૦૨૨ સુધીમાં BGના ૪૩%)ની સરખામણીમાં સપ્ટેમ્બર ૨૦૨૩ સુધીમાં ખર્ચ રૂા.૧,૫૦,૪૪૪ કરોડ(bgના ૫૮%) છે, એટલે કે પાછલા વર્ષની સરખામણીમાં ૪૬%નો વધારો છે. આનાથી ભારતીય રેલ્વેમાં રોજગારી ઉત્પન્ન કરવામાં પણ મદદ મળી છે.

## ખડીયા ગામથી ચુડવા તરફ જતાં માર્ગ ઉપરથી ૨૦ પેટી ઈંગ્લીશ દારૂ ઝડપાયો

જૂનાગઢ તા.૧૦

ખડીયા ગામથી ચુડવા ગામ તરફ જતા રસ્તા ઉપરથી જૂનાગઢ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ટ્રકમાં લઈ જવાતો ૨૦ પેટી વિદેશી દારૂ ઝડપી પાડયો છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ જૂનાગઢ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે સરદારગઢ નજીક ખડીયા ગામથી ચુડવા ગામ તરફ જતા રસ્તા ઉપર ટ્રક નં.જીજે-૨૪-એક્સ-૩૦૦૭માંથી વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની ૨૪૦ વિદેશી દારૂની બોટલો કિ.રૂા.૧,૧૬,૬૦૦ના મુદ્દામાલ સાથે રાહુલભાઈ પુંજાભાઈ ભારાઈ રહે.માણાવદર રઘુવીરપરા તેમજ કિશોરભાઈ વિનોદભાઈ ચૌહાણ રહે.માણાવદરવાળાને ઝડપી લીધેલ છે. પોલીસ દારૂ સહિત મોબાઈલ, ટ્રક મળી કુલ ૧૬,૩૭,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરેલ છે. પોલીસે આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઈ જે.જે.ગઢવીએ હાથ ધરી છે.

## માણાવદર પાલીકાના ભંગાર વેચાણની ઉચ્ચ કક્ષાની તપાસ થાય તો અનેકના તપેલા ચઢી જાય તેમ છે

**ભંગાર વેચાણમાં વાહનો પણ ભંગારના ભાવે વેચાયા હોવાની ઠેર ઠેર ચર્ચા**

(પ્રતિનિધી દ્વારા) માણાવદર તા.૧૦

માણાવદર પાલીકામાં હાલ વહીવટદારનું શાસન છે તેમાં મામલતદાર વહીવટ કરે છે ત્યારે પાલીકામાં છેલ્ ઘણા સમયથી ભંગાર વેચાણની ચર્ચાએ ચકચાર મચાવી દીધેલ છે. ત્યારે જો પાલીકા ભંગાર વેચાણની સંપુર્ણ તપાસ હાથ ધરાય તો સમગ્ર ગુજરાતમાં ચકચાર મચે તેવી સનસનીખેજ વિગતો મળવાની શકયતા છે કારણ કે શહેરભરમાં પાલીકાના ભંગાર વેચાણે ચર્ચાના ચકડોળે ચઢી છે કે પાલીકાના ભંગાર વેચાણ ચાલુ સારા વાહનો પણ ભંગારના ભાવે વેચાણ હોવાની વાતો થઈ છે. ત્યારે જાહેર હરાજીની જાહેરાત કેમા આવી ? તે ટેન્ડરો કોણે કોણે ભર્યા ? તે હરાજીમાં કોણે કોણે ભાગ લીધો હતો તથા ચાલુ વાહન કોણ લઈ ગયું ? જો આ ઉચ્ચકક્ષાની મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તપાસ કરાવે તો કંઈક ના તપેલા ચઢી જાય તેમ છે. પ્રજાજનોમાંથી લોકમાંગ ઉઠવા પામી છે કે પ્રજાના પૈસાના ભંગાર વેચાણની તપાસ કરવામાં આવશે.

## ભેંસાણ ચોકડી નજીકથી ૧૨ બોટલ દારૂ સાથે બે ઝડપાયા

જૂનાગઢ તા.૧૦ : જૂનાગઢ તાલુકા પોલીસે ભેસાણ ચોકડી નજીકથી સ્વીફટ કાર નં.જીજે-૧૨-સીજી-૩૪૮૬માંથી નરેશ રૂપારામ બીસનોઈ રહે.જાલોદ રાજસ્થાન અને જોગારામ અસલારામ બાડમેર રહે.જૂનાગઢ સાબલપુર ચોકડી મુળ-આડેર, તા.નોકડા જી.બાડમેર રાજસ્થાનવાળાને ૧૨ બોટલ વિદેશી દારૂ કિ.રૂા.૪૮૦૦ સાથે સ્વીફટ કાર, મોબાઈલ સહિત કુલ રૂા.૨,૩૪,૮૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## રાજ્યમાં ૮,૮૪,૨૭૩ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થયા છે : ઓક્ટોબરમાં ૨,૮૦,૬૩૧ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ અપાઈ

**ગુજરાતના પ્રત્યેક ગામમાં પ્રકૃતિક કૃષિનું એક 'મોડલ ફાર્મ' તૈયાર કરીએ : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી**



(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર તા.૧૦

ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિ મહાઅભિયાન વધુ વેગવાન અને અસરકારક બની રહ્યું છે. ઓક્ટોબર -૨૦૨૩ મહિનામાં જ ૨,૮૦,૬૩૧ ખેડૂતોને તેમના ખેતર કે ઘર સુધી જઈને પ્રાકૃતિક ખેતીની તાલીમ આપવામાં આવી છે. રાજયમાં ૮,૮૪,૨૭૩ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થયા છે. રાજભવનમાં રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષપદે ઉચ્ચકક્ષાની સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા વિસ્તૃત વિચાર-વિમર્શ કરાયો હતો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની પ્રેરણા આપવા ગુજરાતના પ્રત્યેક ગામમાં ઓછામાં ઓછું એક 'મોડલ ફાર્મ' તૈયાર કરવા જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, ખેડૂતોને ઘર આંગણે જ તાલીમ મળી રહે તો ઓછા ખર્ચે પરિણામલક્ષી કામગીરી થાય. ગ્રામીણ મહિલાઓ પ્રાકૃતિક ખેતીમાં નેતૃત્વ કરે, યોગ્ય તાલીમ મેળવે અને અન્ય ખેડૂતોને તાલીમ આપે. મહિલાઓની ભાગીદારીથી પ્રાકૃતિક કૃષિ મહાઅભિયાનમાં વધુ સારા પરિણામો મળશે. વધુને વધુ ખેડૂતોને તાલીમ આપવા અને તાલીમ આપી રહેલા નિષ્ણાતોને વધુ સારી અને ઉચ્ચકક્ષાની તાલીમ મેળવવા તેમણે અનુરોધ કર્યો હતો. ગુજરાતમાં તા. ૧ લી મે, ૨૦૨૩ થી રાજ્ય સરકારે પ્રાકૃતિક કૃષિ મહાઅભિયાન આદર્યું છે. રાજ્યના તમામ ગામોને ૧૦-૧૦ ગામોના કલસ્ટર્સમાં વહેંચીને દરેક કલસ્ટરદીઠ એક ટેકનિકલ માસ્ટર ટ્રેનર તરીકે કૃષિ વિભાગના પ્રતિનિધિ અને એક ફાર્મર માસ્ટર ટ્રેનર તરીકે પ્રગતિશીલ ખેડૂત નિયુક્ત કરીને ખેડૂતોને ઘર આંગણે, તેમના ખેતરમાં જઈને તાલીમ આપવામાં આવી રહી છે. તાલીમ આપી રહેલા તમામ ખેડૂતો-પ્રતિનિધિઓને પુનઃ તાલીમ આપીને આધુનિક પદ્ધતિઓથી માહિતગાર કરવામાં આવી રહ્યા છે. ૪૧,૨૭૯ ખેડૂતોના ખેતરમાં જઈને તેમને માર્ગદર્શન આપવામાં આવ્યું છે. છેલ્લા છ મહિનામાં ૧૮,૨૫,૩૬૩ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની વ્યક્તિગત તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવ્યાં છે. કલેકટર્સ અને જિલ્લા વિકાસ અધિકારીઓએ પણ પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા પોતાના જિલ્લાઓમાં અસરકારક કામગીરી શરૂ કરી છે. ઓક્ટોબર-૨૦૨૩ માં જ કલેકટર્સ, જિલ્લા વિકાસ અધિકારીઓએ ગામોમાં ૩૪ રાત્રી સભાઓ કરીને ૨,૨૫૩ ખેડૂતો સાથે સીધી વાત કરી છે.

## બેટના દ્વારકાધીશ મંદિરમાં સોમવારે અન્નકુટ મનોરથ

(કુંજન રાડીયા દ્વારા) જામખંભાળીયા તા.૧૦

સુપ્રસિદ્ધ યાત્રાધામ બેટ દ્વારકામાં આગામી સોમવાર તા. ૧૩ ના રોજ શ્રી દ્વારકાધીશ મંદિર તથા મંદિર પરિસરના અન્ય મુખ્ય મંદિરોમાં અન્નકુટ મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. જગતમંદિરમાં ઉત્સવો અનુસાર ઠાકોરજીના દર્શન સમયમાં જરૂરી ફેરફાર કરાયા છે. મનોરથનો લાભ લેવા બેટ દેવસ્થાન સમિતિના ઈન્ચાર્જ વ્યવસ્થાપક દિનેશભાઈ બદીયાણીની યાદીમાં જણાવાયું છે.

## વંથલીનાં યુવાનનો આપઘાત

જૂનાગઢ તા. ૧૦ : વંથલીનાં આદીલ પટેલ નામના યુવાને વિલીંડન ડેમમાં ઝંપલાવીને આપઘાત કર્યો છે. મૃતક યુવાન પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરતો હતો અને તેને ટાર્ગેટ પૂર્ણ કરવા ટોચર કરવામાં આવતું હોવાનું ચર્ચાય છે. યુવાને આપઘાત કરતા પહેલા સોશયલ મીડીયામાં સ્ટેટસ મુકયું હતું અને કંપનીનાં અધિકારીનાં ત્રાસથી આપઘાત કર્યાનો ઉલ્લેખ કરાયો છે. આ બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


નં : રેકર્ડ/રદીપસ્તી/ટેન્ડર/૨૦૨૩-૨૪

કલેકટર કચેરી
જુનાગઢ જીલ્લો, જુનાગઢ
તા. ૦૭/૧૧/૨૦૨૩


**જાહેરાત**

જુનાગઢ જિલ્લાની સરકારી/અર્ધ સરકારી કચેરીઓમાંથી સને. ૨૦૨૪ ના વર્ષ માટે રદી પસ્તી ઉપાડવા માટે રસ ધરાવતા સ્થાનિક વેપારીઓએ કચેરીના કામકાજના સમય દરમ્યાન નિયત ફી રૂા. ૨૦૦/- (બસો) સરકારી તિજોરીમાં ચલણથી ભરી ટેન્ડર ફોર્મ મેળવી સદરહું ફોર્મ સંપૂર્ણ વિગતે ભરી નિયત અર્નેષ્ટ મની ડીપોઝીટના અસલ ડીડી. સાથે તા.૨૮/૧૧/૨૦૨૩ બપોરના ૧૬.૦૦ કલાક સુધીમા બંધ કવરમાં R.P.A.D. થી કલેકટર કચેરીમાં રજુ કરવાનું રહેશે. ટેન્ડરની શરતો તથા અન્ય વિગતો રેકર્ડ શાખામાંથી જોવા મળી શકશે.

સહિ : અનીલ રાણાવસીયા
કલેકટર
જુનાગઢ જીલ્લો, જુનાગઢ

માહિતી/જૂના/૮૦૨/૨૦૨૩

# આજે ધનતેરસ : દિપાવલીના પર્વનું કાઉન્ડાઉન શરૂ










## જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં દેવમંદિરોમાં વિશેષ પૂજાના કાર્યક્રમો : આજે લક્ષ્મીજીનું પૂજન, ચોપડા પૂજન સહિતના કાર્યક્રમો : જૂનાગઢની બજારોમાં તહેવારોની ખરીદીનો શરૂ થયેલો દોર

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૦

આજે ધનતેરસના પાવનકારી પર્વે દિપાવલી અને નૂતન વર્ષના તહેવારોનું કાઉન્ડાઉન શરૂ થઈ ગયું છે. ધનતેરસના આ પર્વ પ્રસંગે દેવ મંદિરોમાં અનેરી રોશનથી સજાવટ તેમજ પૂજનવિધી સહિતના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જૂનાગઢ શહેરમાં દાણાપીઠ ખાતે આવેલા મહાલક્ષ્મી માતાજીના મંદિરે આજે સવારથી પૂજનવિધી સહિતના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે અને દર્શનાર્થીઓનો પ્રવાહ સતત વહેતો થયો છે. દિપાવલી અને નૂતન વર્ષના તહેવારો આડે હવે ગણતરીના દિવસ જ બાકી રહ્યા છે ત્યારે તહેવારોની ઉજવણી માટે જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર, ગુજરાત અને દેશભરમાં તહેવારોની ઉજવણીનો માહોલ પ્રસરી ગયો છે. જૂનાગઢ શહેરમાં વિવિધ બજારોમાં પણ ખરીદીનો દોર શરૂ થયો છે અને ઉત્સાહ લોકોમાં જોવા મળી રહ્યો છે. સાંજના સમયે વિશેષ ખરીદી રહેતી હોય છે. આ ઉપરાંત આજે ધનતેરસના પાવનકારી પર્વે લોકોએ પોતાના ઘર આંગણાની પણ સજાવટ કરી છે. આકર્ષક રંગોળીઓ પુરવામાં આવી છે. તેમજ દરવાજે આસોપાલવના તોરણ બાંધવામાં આવ્યા છે અને ઉજવણીનો પ્રારંભ થઈ ગયો છે અને ઘરે-ઘરે લક્ષ્મીજીનું પૂજન કરવામાં આવ્યું છે. વેપારી દ્વારા પોતાના વ્યવસાય પ્રતિષ્ઠાનોએ પણ લક્ષ્મીજીનું પૂજન, ચોપડા પૂજન સહિતના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. લક્ષ્મીપૂજનની પરંપરા રાત્રીના કરવાની રહી છે અને આજે ધનતેરસે વેપારીઓ સારા ચોઘડીયામાં ચોપડા પૂજન કરશે અને નવા વર્ષમાં તથા નવા વર્ષમાં ધંધારોજગારમાં તેજી રહે તે માટે પરમાત્મા પાસે અભ્યર્થના કરવામાં આવશે. આજે ધનતેરસથી લઈ ભાઈબીજ સુધીના તહેવારોમાં આખું વર્ષ સુખ, શાંતી અને સમૃધ્ધીમય બની રહે તેવી શુભકામના પાઠવવાનો દોર શરૂ થઈ ગયો છે. થોડા વર્ષો પહેલા જયારે સોશ્યલ મિડીયાનું ચલણ બહુ ન હોતું ત્યારે લોકો દિપાવલી અને નૂતન વર્ષની શુભકામનાઓ ગ્રીટીંગ કાર્ડ મારફત સ્નેહિજનો, મિત્રોને પાઠવતા હતા. જયારે ગ્રીટીંગ કાર્ડનો જમાનો ઓલ્ડ ફેશન બની ગઈ છે અને આજે સોશ્યલ મિડીયા એકટીવ છે ત્યારે સોશ્યલ મિડીયામાં લોકો પરસપર સ્નેહિજનોને શુભકામના પાઠવવામાં આવી રહી છે.

## જૂનાગઢના આઝાદી દિવસની ભવ્ય આતશબાજી પૂજનવિધી સાથે થઈ ઉજવણી









(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૦

ગઈકાલનો દિવસ એટલે કે ૯મી નવેમ્બરનો દિવસ જૂનાગઢ માટે અતિ મહત્વનો હતો. જૂનાગઢ ૯મી નવેમ્બર ૧૯૪૭ના દિવસે આઝાદ થયું હતું અને તે દિવસની યાદગીરીને જીવંત રાખવા માટે દર વર્ષે ૯મી નવેમ્બરના દિવસે મુકિત દિનની ઉજવણી કરવામાં આવે છે. ગઈકાલે ૯મી નવેમ્બરના રોજ જૂનાગઢના મુકિત દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મહાનગરપાલિકા દ્વારા આયોજીત કાર્યક્રમમાં સવારે બહાઉદ્દીન કોલેજ ખાતે આવેલા વિજય સ્તંભનું મહાનુભાવોની ઉપસ્થિતિમાં પૂજનવિધી કરવામાં આવી હતી તેમજ આરઝી હકુમતના લડવૈયાઓને યાદ કરવામાં આવ્યા હતા અને તેમના યોગદાનને બિરદાવવામાં આવ્યા હતા. સાંજના સમયે દર વર્ષની જેમ આ વર્ષે પણ બહાઉદ્દીન કોલેજના પટાંગણ ખાતે ભવ્ય આતશબાજીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મનપાના પદાધિકારીઓ, અધિકારીઓ, અગ્રણી, મહાનુભાવો તેમજ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા અને ભવ્ય આતશબાજી સાથે જૂનાગઢના આઝાદ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

## ગિરનાર નેચર સફારી પાર્કમાં દિવાળીના તહેવારને લઈને સિંહ દર્શનમાં પ્રવાસીઓનું બુકિંગ ફૂલ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢ શહેરમાં દોલતપરા સ્થિત આવેલ ગિરનાર નેચર સફારી પાર્કમાં તારીખ ૧૧ થી ૨૦ નવેમ્બર સુધી સિંહ દર્શનની તમામ પરમીટ એડવાન્સ બુકીંગ થયેલ છે. જેમાં દરરોજની ૮ પરમીટમાં ૪૮ લોકોને ગણતરીમાં લઈએ તો ૪૮૦ લોકો સિંહ દર્શન નિહાળશે તેવું અધિકારીઓએ જણાવ્યું હતું. જૂનાગઢ પ્રવાસન ધામ છે. અહીં અનેક ઐતિહાસિક, સાંસ્કૃતિક, ધાર્મિક સ્થાનો આવેલ છે. સાથે તમામ સ્થળો સાથે જોડાએલ ઈતિહાસને જાણવા, નિહાળવા વેકેશન દરમ્યાન બહારના રાજ્યોમાંથી મોટી સંખ્યા લોકો જૂનાગઢ આવતા હોય છે.

(મેટર-ફોટોગ્રાફ અનુસંધાન પાના નં. ૨ ઉપર)


ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા

જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૯૯૬૮

નક્ષત્ર – જ્યોતિષ

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન કરીને અવશ્ય આવવું

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

અદ્યતન બંગલો વેચવાનો છે

બજાર કિંમતથી અડધી કિંમતે, મોટા મોટા પાંચ રૂમ, હોલ, કિચન વરસાદના પાણીનો ૯૦૦૦ લિટરનો ભૂગર્ભ ટાંકો, ૧૬૦ ફૂટનો બોર, રોયલ ટચ સનમાઈકા અને દશ વર્ષ ગેરંટી વાળા પ્લાયવુડ સાથેનું ફર્નિચર, ૧૦૦% પાઇનવાળા ગર્જન કંપનીના બધા જ દરવાજા, દરેક બારીમાં મચ્છર જારી, ૧૫૨ ચોરસ વારમાં ૯૦% બાંધકામ, ઉતરાભિમુખ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર મુજબનું ફક્ત ૯ નવ વર્ષનું નવું બાંધકામ, અદ્યતન બંગલો વેચવાનો છે.
દોમડીયાવાડી પાસે, SBI સામે, ગીરીકુંજ સોસાયટી.
મો. ૭૫ ૭૫ ૮૦ ૬૫ ૮૫

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેકટ્રોનિકસ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.






MAS તહેવારોની મૌસમ આવી, ઓફરોની રમઝટ લાવી.

"સુખ - સમૃધ્ધિની હોય કોઈ પણ જરૂરીયાત, બસ માસ થી જ કરો શુભ શરૂઆત"

ટુ-વ્હીલર વસાવો 100% લોન મેળવો | યુઝ્ડ કાર વસાવો 90% સુધી લોન | કોમર્શિયલ વ્હીકલ લોન 90% સુધી | પર્સનલ લોન 5 લાખ સુધી આજે જ મંજુરી મેળવો | બિઝનેસ લોન 5 લાખ*થી 1 કરોડ* સુધી | તમારા ઘર અને દુકાન સામે ₹5 લાખ*થી 5 કરોડ* સુધી લોન મેળવો | હોમ લોન

• આકર્ષક વ્યાજદર • ઝડપી પ્રોસેસિંગ • આસાન શરતો ★ સ્કીમ મુજબ, નિયમો અનુસાર

EXCELLENCE THROUGH ENDEAVOURS MAS FINANCIAL SERVICES LTD. The Power of Distribution
માસ ફાયનાન્સિયલ સર્વિસીસ લિમીટેડ
જે સમજે આપના અમૂલ્ય સ્વપનાનું મુલ્ય
વધુ માહિતી માટે હમણાં જ કોલ કરો 18002025555

● જૂનાગઢ : 7600629301 ● ઉના : 9427738270 ● ગીરગઢડા : 7600629301 ● તલાજા : 9799706906 ● સુતરાપાડ : 7600629301 ● માણાવદર : 7600629301